Registration No.: SC/242/2015
Filing No.: SC/242/2015
Filed On : 08/09/2015
Registered On : 08/09/2015
Decided On : 15/04/2019
Duration : 03 Y – 07 M – 07 Day

**મહેરબાન એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ,**
**કોર્ટ નં.૨૨, અમદાવાદ.**

**<u>સેશન્સ કેસ નં.૨૪૨/૨૦૧૫</u>**

**આંકઃ–**

**ફરીયાદીઃ–** **સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપીઓઃ–૧.** **ઇબ્રાહીમશા મહંમદશા શેખ,**
ઉ.વ.૫૫, ધર્મઃ મુસ્લીમ,
રહે. એ/૭૮, સાઇનપાર્ક, નુરનગરની બાજુમાં,
ગોલ્ડન સિનેમાની પાછળ, વટવા,
અમદાવાદ.

**૨.** **ઐયુબશા ઇબ્રાહીમશા દિવાન,**
ઉ.વ.૧૯, ધર્મઃ મુસ્લીમ,
રહે.૫૯/૧૮૬૧, ગરીબ આવાસ યોજનાના
મકાનમાં, રેલ્વે ક્રોસીંગ પાસે, વટવા,
અમદાવાદ.

**૩.** **સિકંદરશા મોહંમદશા દિવાન,**
ઉ.વ.૪૭, ધર્મઃ મુસ્લીમ,
રહે. એ/૭૮, સાઇનપાર્ક, નુરનગરની બાજુમાં,
ગોલ્ડન સિનેમાની પાછળ, વટવા,
અમદાવાદ.

**ગુનોઃ-** **ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૦૨, ૩૦૭, ૨૯૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫(૧) મુજબ**

**<u>રજુઆતઃ-</u>**

----------------------------------
-

ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર.એફ.પટણી
આરોપીઓ તરફે વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી એસ.આર.બહોરીઆ

----------------------------------
-

## -: <u>ચુ કા દો</u> :-

**૧.** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ રાત્રે દસેક વાગ્યે ફરીયાદી તેમજ તેમના ઘરના અન્ય સભ્યો તેમના ઘરે હાજર હતા ત્યારે તેમના મકાનની બાજુમાં રહેતો સિકંદર મહંમદશા તેમના ઘરે આવેલ અને ગંદી ગાળો બોલવા લાગેલ અને કહેવા લાગેલ કે, " ટી.વી.નો અવાજ ધીમો કરો " જેથી તેઓએ જણાવેલ કે, છોકરાઓ ટી.વી. જોવે છે ભુલથી અવાજ વધી ગયો હશે તેમ કહી તેઓએ ટી.વી.નો અવાજ ધીમો કરી દિધેલ, તેમ છતા સિકંદર ગંદી ગાળો બોલી જતા જતા કહેવા લાગેલ કે, " કલ તુમ કો દેખ લુંગા " તેમ કહી જતો રહેલ, ત્યારબાદ તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ સવારના આશરે સાડા નવેક વાગ્યાના સુમારે ફરીયાદી, તેમના પપ્પા તથા તેમનો નાનો ભાઇ જમશેદ તથા તેમના મમ્મી તાજીયો તૈયાર કરતા હતા તે સમયે આ કામના આરોપી સિકંદર મહંમદશા તથા તેનો ભાઇ ઇબ્રાહીમ મહંમદશા તથા તેનો

સંબંધી મહંમદ ઐયુબ અબ્દુલ રહેમાન કુરેશીનાઓ છરી તથા લાકડાનો દંડો સાથે લઇને આવેલા અને ફરીયાદીના પિતા ઉપર જીવલેણ હુમલો કરવા લાગેલ જેમાં સિકંદરના હાથમાં છરી હતી તથા ઈબ્રાહિમના હાથમાં લાકડાનો દંડો તથા મહંમદ ઐયુબના હાથમાં છરી હતી, આ વખતે ફરીયાદી તથા તેમના ભાઈ જમશેદ તથા તેમના મમ્મી હસીનાનાઓ તેમના પિતાજીને બચાવવા વચ્ચે પડેલ જેમાં ફરીયાદીને સિકંદર તથા મહંમદ ઐયુબનાઓએ તેમની પાસેની છરીથી પેટની ડાબી બાજુ તથા નાક ઉપર તથા ડાબા હાથે કોણી પાસે તથા ડાબા હાથની આગળીઓ ઉપર ઈજાઓ કરેલ અને તેમના ભાઈ જમશેદ તથા તેમના મમ્મીને પણ શરીરે ઈજાઓ કરેલ. ફરીયાદીના પિતાને આ કામના ત્રણેય આરોપીઓએ શરીરે પેટના વચ્ચેના ભાગે તથા ડાબી આંખના ઉપરના ભાગે તથા ડાબા હાથે તથા માથામાં પાછળના ભાગે જમણી બાજુ ઈજાઓ કરેલી, તેઓએ બુમાબુમ કરતા આજુબાજુના માણસો આવી ગયેલ અને તેમને વધુ મારમાંથી બચાવેલા અને તેઓને પ્રાઈવેટ ગાડીમાં સારવાર માટે ન્યુ લાઈફ હોસ્પિટલમાં લાવેલ, જેમાં ફરીયાદીના પિતા સારવાર દરમ્યાન મરણ ગયેલ છે જેથી ફરીયાદીએ આ કામના ત્રણે આરોપીઓ વિરૂધ્ધ વટવા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ.

**૨.** સદર ફરીયાદ વટવા પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નં.૬૨૨/૨૦૧૩ અન્વયે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ (કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં " પીનલ કોડ " તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ–૩૦૨, ૩૦૭, ૨૯૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત

પોલીસ એક્ટ ( કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં "જી.પી.એક્ટ" તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ-૧૩૫(૧) અન્વયે ગુનો નોંધવામાં આવેલો હતો. તપાસ કરનાર અમલદારે આ કામે તપાસ કરી ફરીયાદીની ફરીયાદ લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું, મરણ જનારના કપડા કબ્જે કર્યાનું પંચનામું, આરોપીઓના કપડા કબ્જે કર્યાનું પંચનામું, ઈન્કવેસ્ટ પંચનામું, આરોપીઓએ ગુનાના કામે વાપરેલ બાઈક કબ્જે કર્યાનું પંચનામું તેમજ ડિસ્કવરી પંચનામા કરેલા તેમજ આરોપીઓના બ્લડ સેમ્પલ લીધેલા તેમજ ઈજા પામનારાઓના સારવાર સર્ટીફિકેટ મેળવેલ, મરણજનારનું પી.એમ. કરાવી પી.એમ. નોટ તથા એફ.એસ.એલ.ના રીપોર્ટો મેળવી કામમાં સામેલ રાખેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા મળતા આરોપી નં.૧ ઈબ્રાહીમશા મહંમદશા શેખને તા.૦૩/૧૧/૨૦૧૩ ના રોજ, આરોપી નં.૨ ઐયુબશા ઈબ્રાહીમશા દિવાનને તા.૦૭/૧૧/૨૦૧૩ ના રોજ અને આરોપી નં.૩ સિકંદરશા મોહંમદશા દિવાનને તા.૧૨/૧૧/૨૦૧૩ ના રોજ અટક કરેલ અને મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૧૯ માં ચાર્જશીટ ફાઈલ કરેલ, જેને ક્રિમિનલ કેસ નં.૧૦૫/૨૦૧૪ આપવામાં આવેલ, આરોપીઓ એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૧૯ સમક્ષ હાજર થતા આરોપીઓને કેસ અંગેના પોલીસ પેપર્સની નકલો ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરા પાડેલ. સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત ફક્ત સેશન્સ કોર્ટને હોઈ સદર કેસ ક્રિમિનલ પ્રોસીજર

કોડ કલમ–૨૦૯ હેઠળ એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૧૯ નાઓએ કમીટલ હુકમ કરી, તા.૦૯/૦૬/૨૦૧૫ ના રોજ ક્રિમિનલ કેસ નં.૧૦૫/૨૦૧૪ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં મોકલી આપેલ, જે ક્રિમિનલ કેસ સિટી સિવિલ કોર્ટમાં કમિટ થતા તે કેસ સેશન્સ કેસ નં.૨૪૨/૨૦૧૫ થી નોંધાયેલ છે ત્યારબાદ સદર કેસ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થતા મારા પુરાગામી જજશ્રી દ્વારા આ કામના આરોપીઓ સામે આંક–૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક–૬, આંક–૭ અને આંક–૮ થી અનુક્રમે આરોપી નં.૧, ૨ અને ૩ નાઓનો જવાબ લેવામાં આવેલ, જેમાં તેઓએ તેમની સામેના તહોમતનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા જણાવેલ જેથી કેસ આગળ ચાલેલ છે.

૩. ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>–: ફરીયાદપક્ષે મૌખિક પુરાવા :–</u>**

| **સા. નં.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧ | ૧૦ | પ્રમોદકુમાર રંજનભાઇ શર્મા |
| ૨ | ૧૨ | કૈલાશભાઇ પુનમચંદ ગજ્જર |
| ૩ | ૧૩ | હનિફખાન પઠાન |
| ૪ | ૧૯ | જુબેરખાન સલીમખાન મુલતાની |
| ૫ | ૩૪ | જમશેદભાઇ સલીમભાઇ મુલતાની |
| ૬ | ૪૦ | હાસિયાબાનુ પીરખાન મુલતાની |
| ૭ | ૪૩ | ડો.ભાસ્કરભાઇ મગનભાઇ કાનસર |

| | | |
|---|---|---|
| ૮ | ૪૯ | ડો.સંજય જોખનપ્રસાદ દુબે |
| ૯ | ૫૫ | જાવેદભાઇ સલીમભાઇ મુલતાની |
| ૧૦ | ૫૭ | રફીકખાન કાદરી |
| ૧૧ | ૬૦ | સોકતખાન નબીબક્ષ પઠાણ |
| ૧૨ | ૬૩ | વિજય શ્રવણભાઇ કોષ્ટી |
| ૧૩ | ૬૪ | ઇકરારખાન લાલાખાન મુલતાની |
| ૧૪ | ૬૮ | કુરેશી મોહંમદ સમરાન મેહમુદમીંયા |
| ૧૫ | ૭૧ | બુખારી બક્ષીઅલી ગુલામઅલી |
| ૧૬ | ૭૫ | નાજીમહુસેન ખુરશીદહુસેન સૈયદ |
| ૧૭ | ૭૬ | ફજલેહુસેન મીરઅલી સૈયદ |
| ૧૮ | ૮૦ | આશીષ રમેશભાઇ શાહ |
| ૧૯ | ૮૨ | શેખ મહેબુબ ચાંદભાઇ |
| ૨૦ | ૮૩ | યુસુફશા ઇસમાઇલશા દિવાન |
| ૨૦.એ | ૮૪ | રીજવાનાબાનું જાવેદભાઇ મુલતાની |
| ૨૧ | ૮૫ | શાબાનાબાનુ જુબેરખાન મુલતાની |
| ૨૨ | ૮૬ | મહેશભાઇ વીહાભાઇ ગઢવી |
| ૨૩ | ૯૮ | દલાજી થાવરાજી ડાભી |

## -: ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવા :-

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | ડીસ્કવરી પંચનામું (ઇબ્રાહીમશાનું) |
| ૨ | ૧૪ | ઇન્કવેસ્ટ પંચનામું |
| ૩ | ૨૧ | ફરીયાદીની ફરીયાદ |
| ૪ | ૪૪ | મરણજનારની લાશનું પી.એમ.કરી પી.એમ.નોટ આપવા સીવીલ સર્જન, સિવિલ હોસ્પિટલને લખેલ યાદી. |

| | | |
|---|---|---|
| ૫ | ૪૫ | પી.એમ.નોટ |
| ૬ | ૪૬ | પી.એમ. કરનાર ડોક્ટરે પી.એમ. દરમ્યાન બ્લડ સેમ્પલ લીધેલ તે અંગેની યાદી. |
| ૭ | ૪૭ | લાશ પરના કપડા પી.એસ.આઇ.એ કબજે કરેલ છે તે અંગેની યાદી. |
| ૮ | ૫૧ | જુબેર મુલતાનીનું સારવાર સર્ટીફિકેટ |
| ૯ | ૫૨ | જમશેદ મુલતાનીનું સારવાર સર્ટીફિકેટ |
| ૧૦ | ૫૮ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૧ | ૬૧ | ડીસ્કવરી પંચનામું (ઐયુબશાનું) |
| ૧૨ | ૬૫ | આરોપી ઇબ્રાહીમનું શરીરસ્થિતિ તથા કપડા કબ્જે લેવાનું પંચનામું |
| ૧૩ | ૬૯ | ડીસ્કવરી પંચનામું (સિકંદરશાનું) |
| ૧૪ | ૭૨ | આરોપી સિકંદરશાના શરીરસ્થિતિ તથા કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૧૫ | ૭૭ | આરોપી ઐયુબશાના શરીરસ્થિતિ તથા કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૧૬ | ૮૧ | ગુન્હાના કામે વપરાયેલ બાઇક કબજે કર્યાનું પંચનામું |
| ૧૭ | ૮૭ | મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૧૮ | ૮૮ | પી.એમ. દરમ્યાન લાશ પરથી કબજે લીધેલ નમુના રજુ કર્યાનું પંચનામું |
| ૧૯ | ૮૯ | આરોપી ઐયુબશાના સારવાર દરમ્યાન લીધેલ બ્લડ સેમ્પલ રજુ કર્યાનું પંચનામું |
| ૨૦ | ૯૦ | આરોપી સિકંદરશાના બ્લડના નમુના કબજે લીધેલાનું પંચનામું |
| ૨૧ | ૯૧ | એફ.એસ.એલ.અધીકારીને સ્થળ ઉપર પધારવાની યાદી અને સ્થળ પરીક્ષણ રીપોર્ટ |
| ૨૨ | ૯૨ | જાહેરનામું |

| | | |
|---|---|---|
| ૨૩ | ૯૩ | વર્ધી |
| ૨૪ | ૯૪ | રવાનગી નોંધ |
| ૨૫ | ૯૫ | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળેલ છે તે બાબતની પહોચ |
| ૨૬ | ૯૬ | એફ.એસ.એલ.નો પત્ર |
| ૨૭ | ૯૭ | એફ.એસ.એલ.નો રીપોર્ટ તથા સીરોલોજી વિભાગનો રીપોર્ટ |
| ૨૮ | ૯૯ | ચાર્જ અમલદારનો રીપોર્ટ |

**૪.** આ કામે રજુ થયેલ ઉપરોક્ત દસ્તાવેજી તથા સાહેદી પુરાવાઓ બાદ ફરીયાદીપક્ષે એ.પી.પી.શ્રીએ આંક–૧૦૦ થી વધુ કોઇ પુરાવો આપવો નથી તે મતલબનું કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે, ત્યારબાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીઓનો મુખ્યત્વે બચાવ ગુન્હાના ઈન્કારનો છે અને વિશેષમાં જણાવેલ છે કે, ફરીયાદી, તેમનાભાઇ તથા તેમના માતા બહારગામ હતા અને તેમના પતિને હોસ્પીટલમાં લઈ ગયેલાની ખબર પડતા ઉતાવળમાં હોસ્પિટલ જતા અકસ્માત થયેલ જેમાં તેઓને ઈજા થયેલી હતી અને તેમના પિતા કેવી રીતે ગુજરી ગયેલ તેની ખબર નથી અને તેઓને ખીટી રીતે ખોટી ફરીયાદના કામે ધરપકડ કરેલાનું જણાવેલ છે તેમજ તેઓ આ કામે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી જેથી આ કામમાં તેમના તરફે કોઈ બચાવના સાહેદો તપાસવામાં આવેલ નથી.

**૫.** આ કામે ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી આર.એફ.પટણી તથા આરોપીઓ તર્ફે વિદ્વાન વકીલશ્રી એસ.આર.બહોરીઆનાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તથા આ કામે રજુ થયેલ તમામ

દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ ધ્યાને લેતા આ કેસના નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદાઓ</u> :-**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ રાત્રીના ૧૦-૩૦ વાગ્યે આરોપી નં.૧ ઈબ્રાહીમશા શેખનાઓએ ફરીયાદીના ઘરે જઇ ટી.વી.નો અવાજ ધીમો કરવા બાબતે બોલાચાલી કરી, ઝગડો કરી, બિભત્સ ગાળો બોલી, "કલ તુમ કો દેખ લુંગા" તેવી ધમકી આપી જતા રહેલ અને તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ સવારના આશરે સાડા નવેક વાગ્યે આરોરી નં.૧ ઈબ્રાહીમશા, આરોપી નં.૨ ઐયુબશા અને આરોપી નં.૩ સિકંદરશાનાઓ પોતાના હાથમાં લાકડાના ડંડા તથા છરી લઈ આવી અગાઉના ઝગડાની અદાવત રાખી ફરીયાદી ઝુબેરખાન સલીમખાન પઠાણના ઘર આગળ ફરીયાદીના પિતા સલીમખાન પીરખાન મુલતાની ઉપર હુમલો કરી, શરીરે પેટના ભાગે, ડાબી આંખના ઉપરના ભાગે, ડાબા હાથે તથા માથાના પાછળના ભાગે ઈજાઓ કરી, મોત નિપજાવી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

(૨) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે આ કામના ત્રણે આરોપીઓએ

ભેગા મળી ફરીયાદી ઝુબેરખાન તથા સાહેદ હેસીયાબાનુ સલીમભાઇ તથા જમશેદ સલીમભાઇનાઓને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી તેઓ ઉપર જીવલેણ હુમલો કરી, શરીરે ગંભીર ઇજાઓ કરી, ખુન કરવાની કોશીશ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૨૯૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

(૩) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ઉપરોક્ત તારીખ, સમય અને સ્થળે આરોપી નં.૧ અને આરોપી નં.૨ નાઓએ લાકડાનો ડંડો તથા આરોપી નં.૩ નાએ છરી ધારણ કરી અમદાવાદ પોલીસ કમિશ્નરના હથિયારબંધી અંગેના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

(૪) છેવટે શું હુકમ?

૬. ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) નકારાત્મક.

(૩) નકારાત્મક.

(૪) આખરી હુકમ મુજબ.

– મારા ઉપરોક્ત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## –:: કા ર ણો ::–

**– મુદા નં.૧ થી ૩ પરત્વેની ચર્ચાઃ–**

**૭.** આ કામે ઉપરોક્ત મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંલગ્ન હોય, ચુકાદામાં બિન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુંથી સદર મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૮. આ કામે ફરીયાદપક્ષની ફરીયાદ હકીકતને ધ્યાને લેતા આ કામના આરોપીઓ વિરૂધ્ધ પીનલ કોડની કલમ–૩૦૨, ૩૦૭, ૨૯૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) અન્વયેના ગુનાની ફરીયાદ દાખલ થયેલ છે. આ આક્ષેપિત ગુનો સાબીત કરવા અર્થે ફરીયાદપક્ષે જે સાહેદોને કોર્ટ રૂબરૂ તપાસેલ છે તેઓની આ કામેની જુબાની ધ્યાને લઈએ તો આંક–૧૦ થી સાહેદ નં.૧ તરીકે પ્રમોદકુમાર રંજનભાઇ શર્માને અને આંક–૧૨ થી સાહેદ નં.૨ કૈલાશભાઇનાઓને સોગંદ ઉપર તપાસેલ છે, સાહેદ નં.૧ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ગુજરાત ઓફસેટ વટવા ખાતે ગેટ ઉપર ઉભા હતા ત્યારે પોલીસને ડંડો મળેલ હોય પોલીસે તેમની સહી લીધેલ જ્યારે સાહેદ નં.૨ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ગુજરાત ઓફસેટમાં નોકરી કરે છે અને તા.૦૪/૧૧/૨૦૧૩ ના રોજ પોલીસે ગુજરાત ઓફસેટમાં આવી તેમની સહી લીધેલી. વધુમાં તેઓ જણાવે છે કે, એવું બનેલ નહી કે, વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ

ગુનાના કામે અટક કરાયેલ આરોપી પોલીસ કસ્ટડીમાં હોઇ તે ગુનાના કામે કાંઇ કહેવા બતાવવા માંગતો હોય તેનું પંચનામું કરવાનું હોય તેઓએ પંચ તરીકે રહેલા. વધુમાં આ સાહેદોને આંક−૧૧ વાળું પંચનામું બતાવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. આ બંને સાહેદો તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જે હકીકતો જણાવી છે તેને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ તેમના પોલીસ રૂબરૂના નિવેદનને સમર્થન આપતા નથી. આમ, આ સાહેદોનો મૌખિક પુરાવો જોતા આ કામે મુદ્દામાલ લાકડાનો હાથો કબજે કરેલાના પંચનામાની હકીકતને સમર્થન મળતું નથી.

૯. ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૩ હનિફખાન પઠાનનાઓને આંક−૧૩ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ તેમના ઘરેથી દવાખાને જતા હતા ત્યારે પોલીસે પંચનામામાં તેમની સહીઓ લીધેલી. વધુમાં તેઓ જણાવે છે કે, એવું બનેલ નહી કે, વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુન્હાના કામે મરણજનાર સલીમખાન તીરખાન મુલતાનીનાઓની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરવાનું હોઇ તેઓ પંચ તરીકે રહેલા. વધુમાં આ સાહેદને આંક−૧૪ વાળું ઈન્કવેસ્ટ પંચનામું બતાવતા તેઓ તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ પંચનામાની હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી

ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. આમ, આ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપતા ન હોય તેમની જુબાની સ્વીકારવા પાત્ર જણાતી નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૪ જુબેરખાન સલીમખાન મુલતાનીનાઓને આંક–૧૯ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમના પરિવાર સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે, તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ બનાવ બનેલો, તેમના ઘરે તેઓ પોતે, તેમના પત્ની, તેમનો નાનોભાઇ જમશેદ અને તેમના પપ્પા સલીમખાન  તેમના ઘરની આગળ તાજીયા સજાવી રહ્યા હતા ત્યારે તેમના ઘર પર ઇબ્રાહીમ, સીકંદર તથા ઐયુબ આવેલા જેમા ઇબ્રાહીમના હાથમાં ડંડો, ઐયુબના હાથમાં છુરી તથા સિકંદરના હાથમાં છુરી હતી. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ઇબ્રાહીમે આવીને તેમના પપ્પાના માથામાં પાછળની ડાબી બાજુએ ડંડો મારેલો, સીકંદર તથા ઐયુબે તેમના પિતાજીને આગળ–પાછળથી છુરીના ઘા મારવાનું શરૂ કરેલું, તેમના પપ્પાને પહેલા કપાળ ઉપર છુરીનો ઘા મારેલો પછી ડાબા હાથ ઉપર પછી પાછળની બાજુએ અને છાતીમાં ઘા મારેલો જેથી તેઓ પોતે, તેમના મમ્મી અને તેમનો નાનો ભાઇ જમશેદ તેમના પપ્પાને બચાવવા ગયેલા ત્યારે સીકંદર અને ઐયુબે તેઓ ઉપર પણ છરીના ઘા કરેલા, જેમાં સાહેદને નાક ઉપર, ડાબા હાથની આંગળીયો, ડાબા હાથની

કોણી ઉપર, ડાબી બાજુ પેટ ઉપર ઘા કરેલા, જેમાં પેટ ઉપરના ઘાને કારણે તેમના આંતરડા બહાર આવી ગયેલા, તેમના મમ્મીને ડાબા ગાલ ઉપર છરી મારેલી જેથી ગાલ ફાટી ગયેલ, તેમના નાના ભાઈ જમશેદને ડાબા હાથે હથેળીથી કાંડા સુધી અંદરની બાજુએ છરીનો ઘા મારેલો જેના કારણે એ ભાગ ફાટી ગયેલો અને પેટ ઉપર પણ આડો ઘા મારેલો. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, આ ઝઘડામાં બુમાબુમ થતા સોસાયટીના લોકો આવી ગયેલા અને તેઓને પ્રાઈવેટ ગાડીમાં મણીનગર ન્યુ લાઈફ હોસ્પીટલ લઈ ગયેલા અને ત્યાં ડોક્ટરે પુછપરછ કરેલી તો તેઓએ જણાવેલ કે તેઓને છુરી અને ડંડાથી માર્યું છે, ત્યારબાદ ડોક્ટરે તેઓની સારવાર શરૂ કરેલી, તે દરમ્યાન તેમને જાણ થયેલી કે તેમના પિતાજી ગુજરી ગયા છે, ત્યારબાદ થોડા સમય બાદ વટવા પોલીસ સ્ટેશનથી પોલીસ આવેલી અને તેઓએ બનાવ બાબતે ફરીયાદ આપેલી. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ જે બનાવ બનેલ તેનું કારણ તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ તેમના બન્ને ભાઈઓ અને પિતાજી સીટીમાં ગયા હતા અને સાહેદ શાંતીપુરા સર્કલ પાસે એપલવુટવાળી સાઈટ ઉપર ગયેલ હતા અને બપોરે અઢી વાગે ઘર ઉપર આવેલા જ્યારે તેમના પપ્પા અને બંન્ને ભાઈઓ ઘરે હતા, પછી રાત્રે ૧૦ વાગે તેમના ઘરની બાજુમાં એ-૭૮ માં રહેતા સિકંદરભાઈ તેમના ઘરે આવી ગંદી-ગંદી ગાળો બોલવા લાગેલા અને કહેલું કે, ટી.વી.નો અવાજ ઓછો કરો જેથી તેઓએ કહેલ કે, બાળકો ટી.વી. જોઈ રહ્યા છે ભુલથી અવાજ વધી ગયો હશે, તેમ છતા તેઓ ગંદી-ગંદી ગાળો બોલતા હતા અને એવું કહીને

ત્યાંથી ગયેલા કે, " હું કાલે આવીને તમને જોઇ લઇશ." ત્યારબાદ ૨ જી તારીખે સવારે સાડા નવ વાગે તેઓએ ઉપર હુમલો કરી દિધેલો, જે અંગે સાહેદે આંક–૨૧ વાળી ફરીયાદ આપેલી. વધુમાં આ સાહેદ મુદ્દામાલ આર્ટીકલ નં.૧૭ વાળો એક લાકડાનો હાથો, મુદ્દામાલ આર્ટીકલ નં.૨૧ વાળી છરી અને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ વાળી એક છરી તેમજ આરોપીઓને નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૦.૧.** આ સાહેદની આરોપીઓ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે, ફરીયાદમાં શું હકીકત લખેલ છે તે તેઓએ વાંચેલી નહી, તેમજ ફરીયાદમાં ક્યા આરોપીએ વ્યક્તિગત રીતે ક્યાં હથિયારથી તેમના પિતાને શરીરના ક્યા ભાગે ઈજા કરી તેવી સ્પષ્ટતા સાથે લખાવેલું નથી તેમજ ફરીયાદમાં ઐયુબશાહ તથા સીકંદરશાહે તેમને મારેલાનું લખાવ્યું છે પણ ક્યા આરોપીએ શરીરના ક્યા ભાગે મારેલું તે લખાવેલ નથી તેમજ એ હકીકત પણ કબુલ કરેલ છે કે, તેમની ફરીયાદમાં એવી હકીકત લખાવેલી નથી કે, ઈબ્રાહીમે આવીને પહેલા તેમના પપ્પાના માથામાં પાછળની ડાબી બાજુએ ડંડો મારેલો તેમજ સીકંદર તથા ઐયુબે તેમના પિતાજીને આગળ–પાછળથી છુરીના ઘા મારવાનું શરૂ કરેલું, પહેલા કપાળ ઉપર છુરીનો ઘા મારેલો પછી ડાબા હાથ ઉપર પણ પાછળની બાજુએ અને છાતીમાં ઘા મારેલો. વધુમાં આ સાહેદે તેમની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેમની ફરીયાદમાં પેટમાં ઘા મારવાથી તેમના આતરડા બહાર આવી ગયેલા તે તથા તેમના મમ્મીને ડાબા ગાલે છરી મારવાથી

તેઓનો ગાલ ફાટી ગયેલો એવું લખાવેલું નથી તેમજ તેમની ફરીયાદમાં તેમના નાનાભાઇ જમશેદને ડાબા હાથે હથેળીથી કાંડા સુધી અંદરના ભાગે છરીનો ઘા મારવાથી એ ભાગ ફાટી ગયેલો અને પેટ ઉપર આડો ઘા મારેલો તેવું પણ લખાવેલ નથી. આ સાહેદ તેમની ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓ તથા તેમના ભાઇ અને પિતા તથા માતા ટી.વી.ના અવાજ બાબતે ઐયુબભાઇ તથા સીકંદરભાઇને બોલાવેલા અને ઉશ્કેરાટમાં આવી જઇ સિકંદરશાહ તથા ઐયુબશાહને ગાળો આપતા હતા જેથી તેઓએ ગાળો બોલવાની ના કહી એટલે તેઓ વધુ ગુસ્સામાં આવી જઇ દોડીને તેમના ઘરે ગયેલા અને ઘરમાંથી છુરી લઇને આવેલા અને તેમની પાછળ તેમનો ભાઇ જમસેદ તથા તેમના પિતાજી સલીમભાઇ પણ ઘર તરફ દોડેલા અને ઘરમાંથી બેસબોલના ડંડાઓ લઈને આવેલા અને સાહેદ અંધાધુંધ છરી ઘુમાવેલ જેનાથી બે ઘા સિકંદરશાહને ગાલ ઉપર થયેલા અને તેમાં તેમનો દાંત તુટીને પડી ગયેલો, તેમજ એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે, તેમના પિતાજી તેમની આજુબાજુમાં જ હતા અને સાહેદની છરીથી તેમના પિતાજીને પણ કેટલાક ઘા થયેલા જે ઘા શરીરના છાતીના ભાગે, પેટના ભાગે, બરોડના ભાગે તથા શરીરના જુદા જુદા ભાગે થવાથી ઈજાઓ થયેલી. વધુમાં આ સાહેદ તે હીકકતનો પણ ઈન્કાર કરે છે કે, તેમનો ભાઇ જમશેદ પણ ગુસ્સામાં આવી બેસબોલનું બેટ ઘુમાવતો હતો જેનાથી સિકંદરશાહ અને ઐયુબશાહ તથા સાહેદના પિતાજીને શરીરના જુદા જુદા ભાગે ઈજાઓ થયેલી તેમજ સાહેદ એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે, તેઓની છરીની ઈજાઓ તથા તેમના ભાઇ જમશેદની બેસબોલની ઈજાઓને કારણે તેમના

પિતાને ગંભીર ઈજાઓ થયેલી અને એ ઈજાઓને કારણે તેઓનું મૃત્યું થયેલું. ત્યારબાદ આ કામે તહોમતદારો તરફે આંક–૫૬ ની રીકોલની અરજી આપવામાં આવેલ છે અને અરજી મંજુર થતા આ સાહેદને ફરીથી બોલાવી આરોપીઓ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ કરે છે કે, તેઓએ અગાઉ જે સરતપાસ આપેલ તે તેમને જે પ્રમાણે શિખવાડવામાં આવેલ તે પ્રમાણે આપેલ છે અને તે કારણોથી તેઓએ આરોપીઓને અને હથિયારને ઓળખી બતાવેલ છે તેમજ બનાવના દિવસે તેઓ, જમશેદ અને તેમની માતા હસીનાબેન બહારગામ હતા, તેમના પિતાને હોસ્પીટલ લઈ ગયેલ છે તેવું ફોન આવતા તેઓ ઉતાવળમાં હોસ્પીટલ જવા ગાડીમાં બહારગામથી નિકળેલા અને આ વખતે સળિયા ભરેલી ટ્રકમાં પાછળથી તેમની ગાડી ઘુસી જતા તેઓ ત્રણેયને શરીરે નાની મોટી ઈજાઓ થયેલી. વધુમાં આ સાહેદે એ હકીકત પણ કબુલ કરેલ છે કે, તેઓ હોસ્પીટલ પહોચ્યા ત્યારે ટોળુ જમા થયેલ હતું અને પોલીસે ટોળાના કહેવાથી કાંઈ લખી લીધેલ અને તેમાં તેઓને સહી કરવાનું જણાવતા તેઓએ સહી કરેલી.

**૧૦.૨.** આમ, આ સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓ સરતપાસમાં તેમની ફરીયાદને અનુરૂપ જુબાની આપે છે પરંતું તેમની ઉલટતપાસમાં ફરીયાદ હકીકતથી વિરોધાભાષી હકીકતો જણાવે છે જેથી તેમના પુરાવાને સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૧૧.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૫ જમશેદભાઈ

સલીમભાઇ મુલતાનીનાઓને આંક–૩૪ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ બનાવ બનેલો, આ બનાવ અગાઉ તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ તેઓના ઘરે આખુ કુટુંબ બેઠેલા હતા ત્યારે રાતના દસેક વાગ્યાના અરસામાં તેમની બાજુમાં એ–૭૮ માં રહેતા સીકંદર અને ઇબ્રાહીમ તેમના ઘરે આવેલા અને ટી.વી.નો અવાજ મોટો છે તેવું કહી ગંદી ગંદી ગાળો આપવા લાગેલા જેથી તેઓએ કહેલું કે, "બચ્ચાઓએ અવાજ મોટો કરી દિધો છે અમે ટી.વી. બંધ કરી દઇએ છીએ" એમ કહી ટી.વી. બંધ કરેલું તો પણ તેઓ ગંદી ગંદી ગાળો બોલી સવારે જોઇ લેશું એવી ધમકી આપી ચાલ્યા ગયેલા, ત્યારબાદ બીજે દિવસે એટલે કે, તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ તેઓ તાજીયા સજાવી રહ્યા હતા ત્યારે ઐયુબ, ઇબ્રાહીમ અને સીકંદર આવેલા અને તેમના પિતા ઉપર જાન લેવા હુમલો કરેલો, એ વખતે ઐયુબ અને સિકંદરના હાથમાં છરી હતી તેમજ ઇબ્રાહીમના હાથમાં દંડો હતો, ઇબ્રાહીમે સાહેદના પિતાના માથાના ભાગે પાછળ દંડો મારેલો, ઐયુબે તેમના પિતાના કપાળના ભાગે છરી મારેલી અને સિકંદરે તેમના પિતાના પેટના ઉપરના ભાગે છરી મારેલી જેથી તેઓ તથા તેમના ભાઇ અને તેમના મમ્મી તેમના પપ્પાને બચાવવા ગયેલા તો તેઓએ તેમના ઉપર છરી અને દંડાથી હુમલો કરેલો, ઐયુબે તેમના મમ્મીના ગાલ ઉપર છરી મારેલી, તેમના ભાઇ ઝુબેરને સિકંદરે નાક ઉપર છરી મારેલી, ઐયુબે તેમના ભાઇ ઝુબેરના પેટના ભાગે છરી મારેલી, ઐયુબે સાહેદને ડાબા હાથે કલાઇના ભાગે છરી મારેલી. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યારબાદ સોસાયટીના માણસો ભેગા થઇ

ગયેલા અને તેઓ તેમને મણીનગર ન્યુ લાઇફ હોસ્પીટલમાં લઇ ગયેલા, ડોક્ટરે તેમની પુછપરછ કરેલી જેથી તેઓએ બનાવની હકીકત જણાવેલી અને ત્યારબાદ ડોક્ટરે તેઓની ટ્રીટમેન્ટ ચાલુ કરેલી, તેઓની સારવાર ચાલુ હતી ત્યારે ડોક્ટરે તેમને જણાવેલું કે, " તમારા પપ્પાનું મૃત્યુ થયેલું છે" થોડા સમય પછી પોલીસ આવેલી અને બનાવ બાબતે પુછપરછ કરેલી જેથી તેઓએ બનાવની હકીકત જણાવેલી. વધુમાં આ સાહેદ મુદ્દામાલ આર્ટીકલ નં.૧૭ વાળો એક દંડો, મુદ્દામાલ આર્ટીકલ નં.૨૧ વાળી છરી અને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ વાળી છરી ઓળખી બતાવે છે તેમજ આરોપી ઇબ્રાહીમ કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવે છે અને અન્ય આરોપીઓ એબસ્કોન્ડેડ હોય તેઓ જો કોર્ટમાં હાજર હોય તો તેઓને પણ ઓળખી શકે તેમ જણાવે છે.

**૧૧.૧.** ત્યારબાદ આ સાહેદની આરોપીઓ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ પોલીસને ઇબ્રાહીમે તેમના પિતાજીને માથાના પાછળના ભાગે દંડો મારેલો એવું લખાવેલું નહી તેમજ આ ત્રણેય આરોપીએ તેમના ઉપર હુમલો કરેલો તેમજ ઐયુબે તેમના મમ્મીના ગાલ ઉપર છરી મારેલી તેવું પણ લખાવેલ નહી. વધુમાં આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમના પિતાજી સલીમભાઇને ક્યા આરોપીએ શરીરના ક્યા ભાગમાં, ક્યા હથિયારથી ઇજા કરેલી તે લખાવેલ નથી તેમજ આ કામના ઇબ્રાહીમશાહે તેમને, તેમના પિતાને, તેમના ભાઇને કે તેમના માતાને દંડાથી માર માર્યાનું લખાવેલું નથી. વધુમાં આ સાહેદે એ હકીકત કબુલ

કરેલ છે કે, આ કામના આરોપી ઐયુબશાએ તેમના, તેમના ભાઈ તથા પિતા વિરૂધ્ધ વટવા પોલીસ સ્ટેશને ફરીયાદ કરેલી છે. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમના ભાઈએ તથા તેમના પિતાએ છરીથી સિકંદરશા તથા ઐયુબશા ઉપર હુમલો કરેલો અને તેમની જ છરીથી આરોપીઓને મારવા આડેધડ છરી ફેરવતા હતા જેનાથી તેમના પિતાને છરી વાગી જતા તેઓનું અવસાન થયેલું. ત્યારબાદ આ કામે તહોમતદારો તરફે આંક–પ૬ ની રીકોલની અરજી આપવામાં આવેલ છે અને અરજી મંજુર થતા આ સાહેદને ફરીથી બોલાવી આરોપીઓ તરફે તેમના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ કરે છે કે, તેઓએ અગાઉ જે સરતપાસ આપેલ તે તેમને જે પ્રમાણે શિખવાડવામાં આવેલ તે પ્રમાણે આપેલ છે અને તે કારણોથી તેઓએ આરોપીઓને અને હથિયારને ઓળખી બતાવેલ છે તેમજ બનાવના દિવસે તેઓ, તેમના ભાઈ અને તેમની માતા હસીનાબેન બહારગામ હતા, તેમના પિતાને હોસ્પીટલ લઈ ગયેલ છે તેવો ફોન આવતા તેઓ ઉતાવળમાં હોસ્પીટલ જવા ગાડીમાં બહારગામથી નિકળેલા અને આ વખતે સળિયા ભરેલી ટ્રકમાં પાછળથી તેમની ગાડી ઘુસી જતા તેઓ ત્રણેયને શરીરે નાની મોટી ઈજાઓ થયેલી. વધુમાં આ સાહેદે એ હકીકત પણ કબુલ કરેલ છે કે, તેઓ હોસ્પીટલ પહોચ્યા ત્યારે ટોળુ જમા થયેલ હતું અને પોલીસે ટોળાના કહેવાથી કાંઈ લખી લીધેલ.

**૧૧.૨.** આમ, આ સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓ સરતપાસમાં તેમના પોલીસ રૂબરૂના નિવેદનને તથા ફરીયાદ હકીકતને અનુરૂપ જુબાની

આપે છે પરંતુ તેમની ઉલટતપાસમાં તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોથી તેમજ ફરીયાદ હકીકતોથી વિરોધાભાષી હકીકતો જણાવે છે જેથી તેમના પુરાવાને સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૧૨.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૬ હાસિયાબાનુ પીરખાન મુલતાનીનાઓને આંક-૪૦ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સંયુક્ત કુટુંબમાં રહે છે અને ઘર કામ કરે છે, તેમના પતિ અને ત્રણ દિકરાઓ કોન્ટ્રાક્ટરનું કામ કરતા હતા. તા.૦૧/૧૧/૨૦૧૩ ના રોજ તેઓ, તેમના પતિ તેમજ તેમના દિકરાઓ રાત્રે દસ વાગે તેમના ઘરની આગળ બેઠા હતા ત્યારે બાળકોના હાથથી ટી.વી.નું વોલ્યુમ વધી ગયેલું ત્યારે બાજુમાં રહેતા સીકંદરભાઇ આવેલા અને ગંદી ગંદી ગાળો બોલવા લાગેલા અને એવું કહેતા ગયેલા કે, "કાલે સવારે આવી તમને જોઇ લેશું", ત્યારબાદ બીજા દિવસે એટલે કે, તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ સવારે સાડા નવ વાગે તેમના પતિ ઘરે બેઠા હતા અને તેઓ પોતે, તેમના દિકરા જમશેદ અને ઝુબેર મહોરમના તાજીયા સજાવી રહ્યા હતા ત્યારે ત્રણ લોકો આવેલા, જેમાં સિકંદર અને ઐયુબના હાથમાં છરી તેમજ ઇબ્રાહીમના હાથમાં દંડો હતો તેઓએ આવીને ઇબ્રાહીમે તેમના પતિને માથામાં દંડો પાછળના ભાગે મારેલો, ઐયુબ અને સિંકદરે છરીઓથી તેમના પતિને પેટમાં ઘા મારેલા જેથી તેઓ પોતે, જમશેદ તથા ઝુબેર બચાવવા માટે ગયેલા તો તે ત્રણેયે તેઓ ઉપર પણ હથિયારો સાથે હુમલો કરેલો, ઝુબેરને સિકંદરની છરીથી પેટમાં વાગેલું, નાક ઉપર છરી

વાગેલી અને કોણી ઉપર વાગેલું જેથી લોહી નીકળેલ, જમશેદને પેટના ભાગે ઐયુબના હાથની છરીથી ઈજા થયેલી અને સીકંદરે સાહેદને ગાલ ઉપર છરી મારેલી. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યારબાદ બુમાબુમ થતા સોસાયટીના માણસો ભેગા થઈ ગયેલા અને તેઓ તેમને મણીનગર ન્યુ લાઈફ હોસ્પીટલમાં લઈ ગયેલા, ત્યાં ડોક્ટરે તેમની પુછપરછ કરેલી જેથી તેઓએ બનાવની હકીકત જણાવેલી, ત્યારબાદ ડોક્ટરે તેઓની ટ્રીટમેન્ટ ચાલુ કરેલી, તેઓની સારવાર ચાલુ હતી ત્યારે ડોક્ટરે તેમને જણાવેલું કે, " તમારા પતિનું મૃત્યુ થયેલું છે" ત્યારબાદ થોડા સમય પછી પોલીસ આવેલી અને બનાવ બાબતે પુછપરછ કરેલી જેથી તેઓએ બનાવની હકીકત જણાવેલી. વધુમાં આ સાહેદ મુદ્દામાલ આર્ટીકલ નં.૧૭ વાળો દંડો, મુદ્દામાલ આર્ટીકલ નં.૨૧ વાળી છરી અને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ વાળી એક છરી ઓળખી બતાવે છે તેમજ આરોપી ઈબ્રાહીમ કોર્ટમાં હાજર હોય તેને ઓળખી બતાવે છે અન્ય બે આરોપી નાસતા ફરતા છે.

**૧૨.૧.** ત્યારબાદ આ સાહેદની આરોપીઓ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, ઈબ્રાહીમે તેમના પતિના માથાના પાછળના ભાગે દંડો મારેલાનું પોલીસેને લખાવેલું તેમજ ઐયુબે અને સિકંદરે તેમના પતિને છરીથી ઘા મારેલાનું તેમજ તેમના ગાલ ઉપર સિકંદરે છરી મારેલાનું તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલું પરંતું જો તેવું લખેલ ન હોય તો તે પોલીસની ભુલ છે. વધુમાં આ સાહેદે એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેમના દિકારા જુબેર તથા જમશેદે સિકંદરશા તથા ઐયુબશાને ચર્ચા કરવા માટે ઘરે બોલાવેલા અને

ચર્ચા દરમ્યાન તેમના બંને છોરાઓએ છરી તથા બેઝ બોલની સ્ટીક વડે આરોપી સિકંદરશા તથા ઐયુબશા ઉપર હુમલો કરેલો અને તેમાં સિકંદરશાનો દાંત તુટી ગયેલ અને આ બનાવમાં તેમના છોકરાઓ આડેધડ છરી અને બેઝ બોલની સ્ટીક ઘુમાવતા હોય ભુલથી તેમના પતિને વાગી ગયેલ અને આ ઈજાથી તેઓનું અવસાન થયેલ. ત્યારબાદ આ કામે તહોમતદારો તરફે આંક–પ૬ ની રીકોલની અરજી આપવામાં આવેલ છે અને અરજી મંજુર થતા આ સાહેદને ફરીથી બોલાવી આરોપીઓ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ એ હકીકત કબુલ કરે છે કે, તેઓએ અગાઉ જે સરતપાસ આપેલ તે તેમને જે પ્રમાણે શિખવાડવામાં આવેલ તે પ્રમાણે આપેલ છે અને તે કારણોથી તેઓએ આરોપીઓને અને હથિયારને ઓળખી બતાવેલ છે તેમજ બનાવના દિવસે તેઓ અને તેમના બંને છોકરાઓ બહારગામ હતા, તેમના પતિને હોસ્પીટલ લઈ ગયેલ છે તેવું ફોન આવતા તેઓ ઉતાવળમાં હોસ્પીટલ જવા ગાડીમાં બહારગામથી નિકળેલા અને આ વખતે સળિયા ભરેલી ટ્રકમાં પાછળથી તેમની ગાડી ઘુસી જતા તેઓ ત્રણેયને શરીરે નાની મોટી ઈજાઓ થયેલી. વધુમાં આ સાહેદે એ હકીકત પણ કબુલ કરેલ છે કે, તેઓ હોસ્પીટલ પહોચ્યા ત્યારે ટોળુ જમા થયેલ હતું અને પોલીસે ટોળાના કહેવાથી કાંઈ લખી લીધેલ.

**૧૨.૨.** આમ, આ સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓ સરતપાસમાં તેમના પોલીસ રૂબરૂના નિવેદનને તથા ફરીયાદ હકીકતને અનુરૂપ જુબાની આપે છે પરંતું તેમની ઉલટતપાસમાં તેમના પોલીસ રૂબરૂના નિવેદનની

હકીકતોથી તેમજ ફરીયાદ હકીકતોથી વિરોધાભાષી હકીકતો જણાવે છે જેથી તેમના પુરાવાને સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૧૩.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૭ ડો.ભાસ્કરભાઇ મગનભાઇ કાનસરનાઓને આંક-૪૩ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨-૧૧-૧૩ ના રોજ તેઓ પી.એમ.રૂમ સિવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે તેમની ફરજ પર હાજર હતા ત્યારે એક શબ નામે સલીમખાન પીરખાન મુલતાનીનું, પોલીસ કોન્સ્ટેબલ બ.નં.૧૬૬૪ વટવા પોલીસ સ્ટેશનનાઓ પોલીસ યાદી સાથે લઇને આવેલા, જેઓનું પી.એમ. તેઓએ બપોરે ૩-૧૦ વાગ્યે શરૂ કરી ૪-૪૦ વાગ્યા સુધી કરેલું, જે આંક-૪૪ વાળી અસલ યાદી તેઓએ સદર કામે રજુ કરેલ છે. વધુમાં આ સાહેદે શબનું બાહ્ય પરીક્ષણ કરેલ છે, જેમાં શબ પુરૂષનું હતું, જેની ઉંમર-૫૫ વર્ષ હતી, શરીરનો બાંધો એવરેજ હતો, શરીર ઠંડુ હતું, શરીર ઉપર રાઇગરમોર્ટીસની હાજરી હતી, જે ડેવલેપીંગ સ્ટેજમાં હતી, પાછળના ભાગે પી.એમ. લીવીડીટી હતી, જે ફીક્સ ન હતી, બંને આંખો બંધ હતી, કાન સામાન્ય હતા, નાક સામાન્ય હતું, મોઢ બંધ હતું અને સામાન્ય હતું, લોહીના ડાઘા મોઢા ઉપર, છાતી ઉપર, પેટ ઉપર તેમજ ડાબા હાથ ઉપર હતા. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, શબ પરીક્ષણ દરમ્યાન નીચે મુજબની બાહ્ય ઇજાઓ જોવા મળેલ.

- **ઈજા નં.૧**- એક કપાયેલો ઘા ૮ x ૧ x ૧ સે.મી. નો માથાના જમણા ટેમ્પરો ઓક્સીપીટલ રીજીયનના ભાગે હતો, જે જમણા કાનથી પાંચ સે.મી. ઉપર હતો તેમજ જમણી આઇબ્રોથી ૧૦ સે.મી. ઉપર હતો.

– **ઈજા નં.૨.**– કપાયેલો ઘા ગ્લેબેલાના ભાગે હતો જે ડાબી આઈલીડસ સુધી જતો હતો તેની ઉપર ૫ x ૧ x ૧ સે.મી.ની હતી.

– **ઈજા નં.૩.**– કપાયેલો ઘા કપાળના ડાબા ભાગે ૨ x ૧ x ૧ હતો, જે ઓબ્લીક હતો અને તેનો ઉપરનો એન્ડ ડાબી આઈબ્રોના મધ્ય ભાગે હતો.

– **ઈજા નં.૪.**– ભોકાયેલો ઘા ૩ x ૦.૮ સે.મી. એબડોમીનલ કેવીટી ડીપ પેટના એપીગેસ્ટ્રીયમ રીજીયનના ભાગે હતો જે વર્ટીકલ હતો તેમજ મધ્યભાગેથી બે સે.મી. ડાબી તરફ હતો, જે દુટીથી ૧૧ સે.મી. ઉપર અને ડાબી તરફ હતો અને ડાબી નીપલથી ૧૩ સે.મી. નીચે હતો, આ ઘાની ઉપરની એંગલ એક્યુટ હતી અને નીચેની એંગલ બ્રોડ હતી, આ ઘાની માર્જીન રેડ કલીનકટ અને ઈન્વર્ટેડ હતી.

– **ઈજા નં.૫.–** ભોકાયેલો ઘા ૩ x ૦.૫ એબ્ડોમીનલ કેવીટી ડીપ પેટના પાછળના ભાગે ડાબી બાજુ હતો, જે આડો હતો, જેનો મીડીયલ એન્ડ મધ્યભાગેથી એક સે.મી. ડાબી બાજુ હતો તેમજ ડાબા ગ્લુટીયલ ફોલ્ડથી ૯ સે.મી. ઉપર હતો, આ ઘા ની મીડયલ એન્ગલ એક્યુટ હતી અને લેટરલ એન્ગલ બ્રોડ હતી, આ ઘા ની માર્જીન રેડ લીન્કટ અને ઈન્વર્ટેડ હતી.

– **ઈજા નં.૬.–** કપાયેલો ઘા ૪ x ૧ x ૧ સે.મી.નો માથાના ડાબા ફ્ન્ટો પરાયટલ રીજીયનના ભાગે હતો જે ડાબી આઈબ્રોથી સાત સે.મી.હતો તેમજ ડાબા કાનથી સાત સે.મી.દુર હતો.

– **ઈજા નં.૭.–** કપાયેલો ઘા ૬ x ૧ x ૧ સે.મી.નો માથાના ડાબા ટેમ્પરો પરાયટલ રીજીયનના ભાગે હતો જે ડાબા કાનથી ચાર સે.મી. દુર હતો તેમજ ઈન્જરી નં.૬ થી ૩ સે.મી. નીચે હતો.

– **ઈજા નં.૮.**– કપાયેલો ઘા ૪ x ૧ x ૧ સે.મી.નો માથાના ડાબા ઓક્સીપીટલ રીજીયનના ડાબા ભાગે હતો જે ઈન્જરી નં. ૭ થી પાંચ સે.મી. નીચે હતો.

– **ઈજા નં.૯.**– કપાયેલો ઘા ૮ x ૧ x ૦.૫ સે.મી.નો ગળાના ડાબી બાજુનો હતો, જે ડાબા કાન બાજુથી ત્રણ સે.મી. નીચે હતો તેમજ ડાબી મેનડીબીલર એંગલથી ત્રણ સે.મી.નીચે હતો.

– **ઈજા નં.૧૦.–** કપાયેલો ઘા ૪ x ૧ x ૧ સે.મી.નો ડાબા હાથના ફોર આર્મના ભાગે હતો, જે ડાબા રીસ્ટ જોઈન્ટથી ત્રણ સે.મી. ઉપર હતો.

– **ઈજા નં.૧૧.–** ૨ x ૧ સે.મી.નો ઉઝરડો બંને ઘુટણનો ભાગે હતો.

– **ઈજા નં.૧૨.–** ઉજરડો ૩ x ૦.૫ સે.મી. નો જમણા હાથના આર્મના ભાગે હતો.

– **ઈજા નં.૧૩.–** કપાયેલો ઘા ૨.૫ x ૧.૧ સે.મી.નો છાતીના પાછળના ભાગે ડાબી બાજુ નીચેની તરફ હતો.

– **ઈજા નં.૧૪.–** ઉજરડો ૧ x ૧ સે.મી.નો ડાબી ઇન્ડક્ષ ફીંગરના ભાગે હતો.

– **ઈજા નં.૧૫.–** ઉઝરડો ૩ x ૨ સે.મી.નો ડાબા રીસ્ટ જોઈન્ટ ભાગે હતો. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ઉપરોક્ત લખેલા બધા ઉઝરડા લાલ કલરના હતા, બધા કપાયેલા ઘાની માર્જીન રેડ અને કલીનકટ અને ઈન્વર્ટેડ હતા, રેડે બ્લડ કલોટસ કપાયેલા ઘા ની માર્જીનમાં તેમજ ફ્લોરમાં હાજર હતા, ઉપરોક્ત તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. વધુમાં આ સાહેદે શબનું આંતરીક પરીક્ષણ કરેલ જેમાં માથાની ત્વચાની

નીચે બંને ટેમ્પોરલ રીજીયનના ભાગે ૫ x ૬ સે.મી.ના ચકામા હતા જે લાલ કલરના હતા તેમજ મગજ ફીકુ પડેલ હતું, દિવાલ પાંસળીઓ મૃદુ હાડકા સામાન્ય હતા, ફેફસાનો પડદો ફીક્કો પડેલ હતો, કન્ઠેન્દ્રીય શ્વાસનળી સામાન્ય હતા અને બંને ફેફસા ફીક્કા પડી ગયેલ હતા, હદયનું આવરણ અને હદય ખાલી હતું, મોટી રક્ત વાહીની સામાન્ય હતી, ઈજા નં.૪ એબડોમીનલ કેવીટીમાં ડીપ જતી હતી, જે નીચેની તરફ તેમજ ડાબાથી જમણા ડીરિક્શનમાં જતી હતી જેના રસ્તામાં ચામડીને કાપીને સબક્યુટેનીયસ ટીસ્યુ, ડાયેફ્રામ પેરીટોનીયમને કાપીને લીવરના ડાબા લોબને આગળના ભાગને નીચેની તરફ તેમજ લીવરના ડાબા લોબની નીચેની બોર્ડરને ૨ x ૧.૫ સે.મી. જેટલું કાપતી હતી અને એબડોમીનલ કેવીટીમાં બ્લાઈડલી એન્ડ થતી હતી, રેડ બ્લડ કોટ આ ઘા ના ટેકની અંદર હતા તેમજ આ ટ્રેકમાં આવેલા બધા સ્ટકચર સાર્પલી કટ હતા, ઈજા નં.૭ એબ્ડોમીનલ કેવીટીની અંદર જતી હતી જે આડી તેમજ આગળની તરફ લેટરલ ડીરિકશનમાં જતી હતી જેના રસ્તામાં સ્કીન તેમજ સબ ક્યુટેનીયસ ટીસ્યુ, મસલ્સને કાપીને એલ-૨ વટ્રેબાની બોડીને કટ ફ્રેક્ચર કરતું હતું (૧.૫ x ૪) ને કાપીને તેમજ લેફ્ટ પેરીનેક્રીક એરીયાને કાપીને ડાબી કીડનીના પાછળના ભાગને લોઅર પોલને ૧.૫ x ૦.૫ x ૧ સે.મી. જેટલુ કાપતી હતી, આ ઘા નો ફોર્સ ઓફ વુન્ડ ૬ સે.મી. જેટલો હતો, રેડ બ્લડ ક્લોટ આ ઘા ના ટ્રેકમાં હતા, ઈજા નં.૫ ના બધા સ્ટકચર શાર્પલી કટ હતા, અન્નનળી સામાન્ય હતી, હોજરીના અંદર કોફી કલરનું પ્રવાહી ૨૫ એમ.એલ. જેટલું હતું, ગેસ્ટ્રીક મુકોસા હેલ્થી હતા, નાના આંતરડામાં પ્રવાહી

તેમજ ગેસ હતો, મોટા આતરડામાં મળ હતું, યકૃત, પીતાશય, અન્નાશય, અધિવૃડો, મુત્રપીંડો ફીક્કા પડેલ હતા, પેશાબની કોથળીમાં ૧૦ સી.સી. જેટલો પેશાબ હતો, જનેન્દ્રીય, કરોડ અને કરોડરજ્જુ સામાન્ય હતા. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ૧૨૦ એમ.એલ. બ્લડ એફ.એસ.એલ.માં મોકલવા માટે સીલ કરી પોલીસ કોન્સ્ટેબલ બ.નં.૧૬૬૪ ને આપેલ. વધુમાં આ સાહેદે મરણજનારના મૃત્યુનું કારણ જણાવતા કહેલ કે, મરણજનારના પેટમાં ભોંકાયેલા ઘા ના કારણે, વધુ પડતું લોહી વહી જવાના કારણે, શોકમાં જવાથી મૃત્યું થયેલ, આ અંગે તેઓએ આંક-૪૫ વાળી પી.એમ. નોટ તેમના હસ્તાક્ષરમાં લખેલી તેમજ તેમના હોદાનું સીલ કરી આ કામે રજુ કરેલ છે. વધુમાં આ સાહેદે પી.એમ. દરમ્યાન જે બ્લડ લીધેલ તે અંગેની યાદી સદર કામે આંક-૪૬ થી રજુ કરેલ છે. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, મરણજનારના કપડા પોલીસે પી.એમ. પહેલા લાશ ઉપરથી કબજે કરેલ હતા જે અંગેની યાદી તેઓએ આંક-૪૭ થી સદર કામે રજુ કરેલ છે. વધુમાં આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પી.એમ.નોટીના કોલમ નં.૧૭ ની ઈજા નં.૪ અને ૫ કોલમ નં.૨૧ ની સંલગ્ન ઈજાઓ છે અને તે ઈજાઓ તીક્ષ્ણ હથિયારથી થઇ શકે તેવી તેમજ કુદરતી ક્રમમાં મૃત્યું નિપજાવી શકાય તેવી હતી. વધુમાં આ સાહેદને મુદામાલ આર્ટીકલ નં.૨૧ અને ૨૪ કે જે છરી છે તે બતાવતા તે છરી જોઇને કહે છે કે, તેનાથી તેઓએ પી.એમ. નોટમાં જણાવેલ તીક્ષ્ણ હથીયારથી ઈજાઓ થઇ શકે છે, માથાની ઈજાઓ જે કપાયેલા ઘા છે તે છરી થી થઇ શકે તેવી અને ભોકાયેલા ઘા છરીથી થઇ શકે તેવા ઉઝરડાના

ઘસડાયેલાથી થઇ શકે તેવા હતા, આવા ઉઝરડા લાકડાના ડંડાથી થઇ શકે તેમ જણાવેલ છે.

**૧૩.૧.** આ ડોકટર સાહેદની આરોપીઓ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આ સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ જે ઉઝરડાઓ થયેલાનું જણાવેલ છે તે જમીન ઉપર ઘસડાવાથી થઇ શકે તેવા હતા. વધુમાં આ સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે, જો મુદ્દામાલ આર્ટીકલ નં.૨૧ વાળી છરી કે જે કાણા અને વળાંકવાળી છે તે મારવામાં આવે તો તે અંદરના ભાગેથી જઇને પાછી આવે ત્યારે શરીરની અંદરના ભાગમાં રહેલ અવયવ, માંસ ખેંચાઇને બહાર આવે તેવી શક્યતા રહેલી છે. તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે, આ કેસમાં જે ઇજાઓ થઇ છે તેમાં ઉપર જણાવ્યા મુજબની ઇજા નથી.

**૧૪.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૮ ડો.સંજય જોખનપ્રસાદ દુબેનાઓને આંક-૪૯ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ મણીનગર વિસ્તારમાં આવેલ ન્યુ લાઇફ મેડીકલ અને હાર્ટ હોસ્પીટલ છેલ્લા ૨૦ વર્ષથી ચલાવે છે, તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ સવારે અગિયાર વાગે જુબેરભાઇ નામની વ્યકતિને તેમના સગાઓ છરીની ઇજા પાંસળીના ભાગે થયેલી તેની સારવાર માટે લાવેલા જેથી તેઓએ ઇજાની હિસ્ટ્રી પુછતા તેઓએ જણાવેલું કે, " તેમને આ ઇજા છરી વડે થયેલી છે અને ઝગડામાં સામેવાળી વ્યક્તિએ આ ઇજા કર્યાનું જણાવેલું" આ સિવાય તેઓને ડાબી કોણીના ભાગે વાગેલું હતું,

તેમને તપાસતા બ્લડ પ્રેશર ૯૦/૬૦ હતું અને સભાન અવસ્થામાં હતા અને પરિસ્થિતિ અને સંજોગોને અનુકુળ વર્તન કરી શકતા હતા, ત્યારબાદ તેઓએ દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાયેલી.

–**૧.** લેફ્ટ લોવર ઈન્ટરકોસ્ટલ સ્પેસમાં કટ ઈન્જરી હતી અને અંદરના અવયવો બહાર ખેચાઈ આવેલા જણાઈ આવતા હતા.

–**૨.** લેફ્ટ એલ્બોમાં ઈન્જરી હતી.

–**૩.** ડાબા હાથની ત્રીજી અને ચોથી આંગળીમાં છરી વડે ઈજા થયેલી હતી.

–**૪.** ડાબી બાજુના સાથળ ઉપર છરી વડે ઈજા થયેલી હતી.

ત્યારબાદ તેઓએ દર્દીને પ્રાથમિક સારવાર આપેલી અને દર્દીની ઈજાની ગંભીરતા જોતા તેઓને ડોક્ટર કૌશલ આનંદ એન.સી.એચ. સર્જનને રીફર કરેલા અને તેઓએ દર્દીનું ઓપરેશન કરેલું. આ દર્દીને તેમની હોસ્પીટલમાં તા.૦૨/૧૧/૨૦૧૩ થી તા.૧૩/૧૧/૨૦૧૩ સુધી અંદરના દર્દી તરીકે સારવાર આપેલી અને તા.૧૩/૧૧/૨૦૧૩ ના રોજ તેઓને ઘરે સારવાર ચાલુ રાખવા દવાઓ લખી આપી રજા આપેલી. વધુમાં આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૫૦ વાળું સારવાર સર્ટીફિકેટ સદર કામે રજુ કરેલ છે. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તે જ દિવસે તેઓની સાથે સલીમભાઈ પીરખાન મુલ્તાનીને તેમના સગાઓ દ્વારા તેમની સમક્ષ લાવવામાં આવેલા, જેઓને તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ ૧૦/૨૫ વાગે લાવવામાં આવેલા પણ તેઓને મૃત અવસ્થામાં લાવવામાં આવેલા હતા તેથી તેઓને પોસ્ટ મોર્ટમ કરાવા રિફર કરેલા અને તેઓને આંક–૫૧ વાળુ બ્રોટ ડેડનું સર્ટીફિકેટ આપેલું, જે બ્રોટ ડેડ સર્ટીફિકેટને સદર કામે રજુ

કરેલ છે. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેમને ત્યાં તે જ દિવસે અને તે જ સમયે જમશેદભાઇ મુલ્તાનીને લાવેલા, તેઓની હિસ્ટ્રી લીધેલી, હિસ્ટ્રીમાં દર્દીએ જણાવેલ કે, તેમના પાડોશી દ્વારા છરી વડે તેઓને ઈજા કરાયેલી હતી, ત્યારબાદ દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાયેલી.

**–૧.** એક કટ ઈન્જરી પેટના નીચેના ભાગમાં હતી.

**–૨.** ડાબી બાજુના હાથમાં અને કાંડાથી હાથની વચ્ચેના ભાગમાં હતી.

વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ઉપરોક્ત દર્દીનું ઓપરેશન ડો.કનુભાઈ પટેલે કરેલું અને તેઓ તા.૦૨/૧૧/૨૦૧૩ થી તા.૦૬/૧૧/૨૦૧૩ સુધી હોસ્પીટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થયેલા અને છઠ્ઠી તારીખે દવા લખી તેઓને રજા આપેલી. વધુમાં આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–પર વાળુ સારવાર સર્ટીફીકેટ સદર કામે રજુ કરેલ છે. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તે જ દિવસે હસીનાબેન મુલ્તાનીને તેમના સમક્ષ લાવવામાં આવેલા, તેઓએ ઈજાની હિસ્ટ્રીમાં એવી હકીકત જણાવેલી કે, છરી વડે તેઓને માથાના ડાબી બાજુના ભાગમાં ઈજા થયેલી છે, જે ઈજા તેમના પાડોશી દ્વાર છરી વડે કરેલ છે. તેમનું ઓપરેશન અને સારવાર ડો.કનુભાઈ પટેલે કરેલી, જે કટ ઈન્જરી માટે સારવાર કરેલી, જે ઈજા ડાબી બાજુના ગાલ તથા ડાબા ટેમ્પોરલ એરીયામાં હતી, જેની સાઈઝ ૮x3x૪ સે.મી. હતી, જેઓને તા.૦૩/૧૧/૨૦૧૩ ના રોજ તેમની હોસ્પીટલમાંથી રજા આપેલી. વધુમાં આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–પ૩ વાળુ હસીનાબેનની સારવાર

કરેલ તે સર્ટીફિકેટ સદર કામે રજુ કરેલ છે. વધુમાં આ સાહેદને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૧ વાળી છરી બતાવતા તે જોઇને કહે છે કે, આવી છરી અથવા તો કોઇપણ તિક્ષ્ણ ધારવાળા હથિયારથી થઇ શકે તેવી ઇજાઓ તેઓએ તપાસેલા દર્દીઓને હતી તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ બતાવતા તે જોઇને કહે છે કે, ચોક્કસ આવી છરીથી ઇજા થયેલી કે કેમ તે તેઓ કહી ન શકે પણ એવું કહી શકે કે, કોઇ લાંબા અને તિક્ષ્ણ હથિયારથી થાય તેવી ઇજાઓ તેઓએ ઉપોરોક્ત તપાસેલા દર્દીઓને થયેલી હતી .

**૧૪.૧.** આ કામે આરોપીઓ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી હાજર ન રહેતા તેઓનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે જેથી આરોપીઓ તરફે કોઇ ઉલટતપાસ નથી.

**૧૫.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૯ જાવેદભાઇ સલીમભાઇ મુલતાનીનાઓને આંક–૫૫ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમના પરિવાર સાથે સાઇન પાર્ક વટવા ખાતે રહે છે અને રોડ કોન્ટ્રાકટ નુ કામકાજ કરે છે. તા.૦૧–૧૧–૧૩ ના રોજ તેઓ તેમના કામ થી બહાર ગામ ગયેલા, શું બનાવ બનેલ તેની તેમને ખબર નથી પાછળથી પણ કોઇ વસ્તું જાણવા મળેલ નહી. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, એવું બનેલ નહી કે, તેમને તથા તેમના ભાઇ તેમજ તેમના પિતાને મોહંમદ ઐયુબ તેમજ ઇબ્રાહીમ તેમજ સિકંદરનાઓએ ભેગા થઇ માર મારેલ હોય અને તેમાં ઇજાઓ થયેલ. આ સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ

હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતા નથી.

**૧૫.૧.** આ સાહેદની આરોપીઓ તરફે તેમના વિદ્વાન વકીલશ્રી દ્વારા ઉલટતપાસ કરેલ છે જેમાં આ સાહેદ એ હકીકત કબુલ કરે છે કે, બનાવવાળા દિવસે તેમના ભાઇ જમશેદખાન તથા જુબેરખાન તથા તેમના માતા હસીનાબેન બનાવના દિવસે બહાર હતા જેથી તેમના પિતા સાથે શું થયું તેની તેમને કોઇ જાણકારી કે માહીતી નથી.

**૧૫.૨.** આમ, આ સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓએ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ છે કે, તેઓ બનાવ સમયે ઘરે હાજર હતા પરંતું ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓ બનાવના દિવસે બહાર હતા. આમ સાહેદ તેમના મૌખિક પુરાવામાં વિરોધાભાસી હકીકતો જણાવે છે જેથી તેમનો મૌખિક પુરાવો ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૧૬.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૧૦ રફીકખાન કાદરીનાઓને આંક-૫૭ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૦૨/૧૧/૨૦૧૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને રોકેલ અને એક તૈયાર પંચનામામાં સહી લીધેલ. આ સાહેદને આંક-૫૮ વાળું પંચનામું બતાવતા તેઓ પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ

સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેમને સાઇન પાર્ક ટેનામેન્ટ બંગ્લા નં.એ-૭૯ ખાતે બોલાવેલ હોય અને ત્યાં તેમની હાજરીમાં કોઇ પંચનામાની કાર્યવાહી કરેલ હોય અને ત્યાંથી કોઇ નમુનાઓ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નહી. આ સાહેદ પંચનામાની હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

**૧૬.૧.** આમ, આ સાહેદના મૌખિક પુરાવાથી આંક-૫૮ વાળા ગુના વાળી જગ્યાના પંચનામાને સમર્થન મળતું નથી જેથી તેમનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૧૭.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૧૧ સોકતખાન નબીબક્ષ પઠાણનાઓને આંક-૬૦ થી તથા સાહેદ નં.૧૨ વિજય શ્રવણભાઈ કોષ્ટીનાઓને આંક-૬૩ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ બંને આરોપી ઐયુબશાના ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદો છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૦૮/૧૧/૨૦૧૩ ના રોજ તેમની વટવા પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને રોકેલ અને એક તૈયાર કાગળમાં સહી લીધેલી. વધુમાં આ સાહેદોને આંક-૬૧ વાળું ડિસ્કવરી પંચનામું બતાવતા તેઓ તેમની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ બંને સાહેદો તેમની જુબાનીમાં જણાવે છે કે,

તેમની હાજરીમાં કોઇ આરોપી ઐયુબશાહનાઓ પોલીસ કસ્ટડીમાં હાજર હોય અને પોતાની સ્વેચ્છાએ કોઇ વસ્તું બતાવવા માંગતા હોય અને તેઓએ બતાવેલ જગ્યાએ જઇ તેઓએ એક છરો શોધી બતાવેલ હોય અને તે તેમની હાજરીમાં કબ્જે લીધેલ હોય તેવું બનેલ નથી. ત્યારબાદ આ બંને સાહેદો ડિસ્કવરી પંચનામાની હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ ડિસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

**૧૭.૧.** આમ, આ બંને સાહેદોના મૌખિક પુરાવાથી આંક-૬૧ વાળા આરોપી ઐયુબશાના ડિસ્કવરી પંચનામાને સમર્થન મળતું નથી જેથી તેઓનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૧૮.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૧૩ ઇકરારખાન લાલાખાન મુલતાનીનાઓને આંક-૬૪ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૦૩/૧૧/૨૦૧૩ ના રોજ ઘરે હાજર હતા ત્યારે વટવા પોલીસે તેમને એક કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. વધુમાં આ સાહેદને આંક-૬૫ વાળું પંચનામું બતાવતા તેઓ પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેમની હાજરીમાં કોઇ આરોપીના શરીર સ્થિતિનું પંચનામું કરેલ હોય અને તેણે બનાવ વખતે પહેરેલા કપડા તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નહી.

આ સાહેદ પંચનામાની હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

**૧૮.૧.** આમ, આ સાહેદના મૌખિક પુરાવાથી આંક-૬૫ વાળા પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી જેથી તેમનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૧૯.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૧૪ કુરેશી મોહંમદ સમરાન મેહમુદમીયાનાઓને આંક-૬૮ થી તથા સાહેદ નં.૧૯ શેખ મહેમુદ ચાંદભાઇનાઓને આંક-૮૨ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ બંને સાહેદો આરોપી સિંકદરશાના ડિસ્કવરી પંચનામાના પંચ સાહેદો છે, સાહેદ નં.૧૪ નાઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૧૩/૧૧/૨૦૧૩ ના રોજ બાઇક લઇ વટવા પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે તેમને રોકેલ અને પોલીસ સ્ટેશન લઇ ગયેલ અને ત્યાં લખાણવાળા કાગળમાં સહી કરવાનું જણાવતા તેઓએ સહી કરેલી જ્યારે સાહેદ નં.૧૯ નાઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૩/૧૧/૨૦૧૩ ના રોજ વટવા પોલીસે તેમની રીક્ષા રોકી નામ સરનામું પુછી સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. વધુમાં આ બંને સાહેદોને આંક-૬૯ વાળું ડિસ્કવરી પંચનામું બતાવતા તેઓ તેમની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ બંને સાહેદો તેમની જુબાનીમાં જણાવે છે કે,

એવું બનેલ નહી કે, પોલીસ સ્ટેશનમાં એક આરોપી નામે સિકંદરશાનાઓ હાજર હોય અને તેઓ પોતાની સ્વેચ્છાએ કંઇ બતાવવા માંગતા હોય અને તેઓએ બતાવેલ જગ્યાએ જઇ તેઓએ એક છરો શોધી બતાવેલ હોય અને તે તેમની હાજરીમાં કબ્જે લીધેલ હોય. ત્યારબાદ આ બંને સાહેદો ડિસ્કવરી પંચનામાની હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ ડિસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

**૧૯.૧.** આમ, આ બંને સાહેદોના મૌખિક પુરાવાથી આંક-૬૯ વાળા આરોપી સિકંદરશાના ડિસ્કવરી પંચનામાને સમર્થન મળતું નથી જેથી તેઓનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૦.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૧૫ બુખારી બક્ષીઅલી ગુલામ અલીનાઓને આંક-૭૧ થી તથા સાહેદ નં.૧૬ નાઝીમહુસેન ખુરશીદહુસેન સૈયદનાઓને આંક-૭૫ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ બંને સાહેદો આરોપી સિંકદરશાના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૧૨/૧૧/૨૦૧૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે પોલીસે લાયસન્સ ચેક કરવા માટે તેઓને ઉભા રાખેલા અને ત્યારબાદ એક કાગળમાં સહી કરવાનું જણાવતા તેઓએ સહી કરેલી. વધુમાં આ બંને સાહેદોને આંક-૭૨ વાળું પંચનામું બતાવતા તેઓ

તેમની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ બંને સાહેદો તેમની જુબાનીમાં જણાવે છે કે, એવું બનેલ નહી કે, પોલીસ સ્ટેશનમાં એક આરોપી નામે સિકંદરશાનાઓ હાજર હોય અને તેઓએ બનાવમાં પહેરલ કપડા રજુ કરતા તે કપડા તેમની હાજરીમાં કબ્જે લીધેલ હોય. ત્યારબાદ આ બંને સાહેદો પંચનામાની હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

**૨૦.૧.** આમ, આ બંને સાહેદોના મૌખિક પુરાવાથી આંક-૭૨ વાળા આરોપી સિકંદરશાના કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી જેથી તેઓનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૧.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૧૭ ફજલેહુસેન મીરઅલી સૈયદનાઓને આંક-૭૬ થી તથા સાહેદ નં.૨૦ યુસુફશા ઈસમાઈલશા દિવાનનાઓને આંક-૮૩ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ બંને સાહેદો આરોપી ઐયુબશાના શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદો છે, સાહેદ નં.૧૭ નાઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૭/૧૧/૨૦૧૩ ના રોજ તેમની દુકાન કે જે પોલીસ સ્ટેશન સામે આવેલ છે ત્યાં હાજર હતા ત્યારે પોલીસ કોન્સ્ટેબલ ત્યાં આવેલ અને એક લખાણવાળા કાગળમાં સહી કરવાનું જણાવતા તેઓએ સહી કરેલી જ્યારે

સાહેદ નં.૨૦ નાઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૭/૧૧/૨૦૧૩ ના રોજ વટવા પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવેલ અને ત્યાં એક કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. વધુમાં આ બંને સાહેદોને આંક-૭૭ વાળું પંચનામું બતાવતા તેઓ તેમની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં આ બંને સાહેદો તેમની જુબાનીમાં જણાવે છે કે, એવું બનેલ નહી કે, પોલીસે તેમને પોલીસ સ્ટેશને બોલાવી ત્યાં એક આરોપી ઐયુબશા હાજર હોય અને તેના શરીર સ્થિતિનું પંચનામું તેમની હાજરીમાં કરેલ હોય અને તેણે બનાવ વખતે પહેરેલ કપડા પોલીસે તેમની હાજરીમાં કબજે લીધેલ હોય. ત્યારબાદ આ બંને સાહેદો પંચનામાની હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

**૨૧.૧.** આમ, આ બંને સાહેદોના મૌખિક પુરાવાથી આંક-૭૭ વાળા આરોપી ઐયુબશાના શરીર સ્થિતિના પંચનામા અને કપડા કબજે કર્યાના પંચનામાને સમર્થન મળતું નથી જેથી તેઓનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૨.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૧૮ આશીષ રમેશભાઇ શાહનાઓને આંક-૮૦ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૦૮/૧૧/૨૦૧૩

ના રોજ પોલીસ સ્ટેશને કામ અર્થે ગયેલા ત્યારે પોલીસે તેમની એક કાગળમાં સહી કરાવેલી, આ સિવાય તેઓ કાંઇ જાણતા નથી. વધુમાં આ સાહેદને આંક-૮૧ વાળું પંચનામું બતાવતા તેઓ પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેમની હાજરીમાં કોઇ આરોપીએ પોલીસ સ્ટેશને બાઇક રજુ કરેલ હોય અને તે બાઇક ગુનામાં વપરાયેલ હોય તે પોલીસે પંચનામાની વિગતે કબજે કરેલ હોય તેવું બનેલ નહી. આ સાહેદ પંચનામાની હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી.

**૨૨.૧.** આમ, આ સાહેદના મૌખિક પુરાવાથી આંક-૮૧ વાળા ગુનાના કામે વપરાયેલ બાઇક કબજે કર્યાના પંચનામાની હકીકતોને સમર્થન મળતું નથી જેથી તેમનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૩.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૨૦.એ. રીજવાનાબાનું જાવેદભાઇ મુલતાનીનાઓને આંક-૮૪ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમના પરીવાર સાથે સાઇન પાર્ક વટવા ખાતે રહે છે, તેમના પરિવારમાં તેમના પતિ તથા બાળકો સંયુક્ત કુટુંબમાં રહે છે, તેમના સાસુ આશીયાબાનું જે ઘરકામ કરે છે અને તેમના સસરા તેમજ તેમના બે દિયર

જુબેર અને જમશેદનાઓ કોન્ટ્રાકટનું કામ કરે છે. તા.૦૧/૧૧/૨૦૧૩ ના સવારે આશકે ૧૦ વાગે તેમના સસરા તથા તેમના પતિ તથા દિયર કામ અર્થે ગયેલા અને તેમનો દિયર સાઇટ ઉપર ગયેલ, બપોરે અઢી વાગે તેઓ ઘરે પરત આવેલા અને રાત્રીના આશરે ૧૦ વાગે તેમની બાજુના મકાનમાં રહેતો સીકંદર આવીને બોલાચાલી કરતો હતો ત્યારબાદ શું બનાવ બનેલો તે તેઓ ઘરમાં હોવાથી તેમને ખબર નથી. વધુમાં તેઓ જણાવે છે કે, એવું બનેલ નહી કે, તેમના સસરા તેમજ દિયરનાઓને ઇબ્રાહીમ તથા ઐયુબનાઓએ માર મારેલ હોય અને તેના કારણે તેઓને ઈજાઓ થયેલ હોય અને તેના કારણે તેમના સસરાનું મરણ થયેલ હોય. આ સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતા નથી.

**૨૩.૧.** આમ, આ સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓને બનાવ બાબતે ખબર નથી તેવું જણાવે છે જ્યારે પોલીસ રૂબરૂના નિવેદનમાં તેઓ બનાવ સ્થળે હાજર હતા અને આરોપીઓએ તેમના ઘરે આવી ગાળો બોલી હથિયાર વડે ઈજાઓ કરેલ અને તેનાથી તેમના સસરાનું મૃત્યુ થયેલાની હકીકતો જણાવેલ છે. આમ, આ સાહેદ તેમના મૌખિક પુરાવામાં વિરોધાભાષી હકીકતો જણાવતા હોય, તેમનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૪.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૨૧ શાબાનાબાનુ જુબેરખાન મુલતાનીનાઓને આંક–૮૫ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમના પરીવાર સાથે સાઇન પાર્ક વટવા ખાતે રહે છે, તેમના પરિવારમાં તેમના પતિ તથા બાળકો સંયુક્ત કુટુંબમાં રહે છે, તેમના સાસુ આશીયાબાનું જે ઘરકામ કરે છે અને તેમના સસરા તેમજ તેમના બે જેઠ જાવેદ જેઠાણી રીજવાનાબાનું અને દિયર જમશેદનાઓ કોન્ટ્રાકટનું કામ કરે છે. તા.૦૧/૧૧/૨૦૧૩ ના સવારે આશકે ૧૦ વાગે તેમના સસરા તથા તેમના જેઠ તથા દિયર કામ અર્થે ગયેલા અને તેમનો દિયર સાઇટ ઉપર ગયેલ, બપોરે અઢી વાગે તેઓ ઘરે પરત આવેલા અને રાત્રીના આશરે ૧૦ વાગે તેમની બાજુના મકાનમાં રહેતો સીકંદર આવીને બોલાચાલી કરતો હતો ત્યારબાદ શું બનાવ બનેલો તે તેઓ ખરીદી કરવા ગયેલ હોવાથી તેમને ખબર નથી. વધુમાં તેઓ જણાવે છે કે, એવું બનેલ નહી કે, તેમના સસરા તેમજ દિયર તથા જેઠનાઓને ઈબ્રાહીમ તથા ઐયુબનાઓએ માર મારેલ હોય અને તેના કારણે તેઓને ઈજાઓ થયેલ હોય અને તેના કારણે તેમના સસરાનું મરણ થયેલ હોય. આ સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતોને તેમના મૌખિક પુરાવાથી સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને અદાલતની પરવાનગીથી ઉલટતપાસ કરેલ છે જેમાં પણ તેઓ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતોને સમર્થન આપતા નથી.

**૨૪.૧.** આમ, આ સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓને બનાવ બાબતે ખબર નથી તેવું જણાવે છે જ્યારે પોલીસ રૂબરૂના નિવેદનમાં તેઓ બનાવ સ્થળે હાજર હતા અને આરોપીઓએ તેમના ઘરે આવી ગાળો બોલી હથિયાર વડે ઈજાઓ કરેલ અને તેનાથી તેમના સસરાનું મૃત્યુ થયેલાની હકીકતો જણાવેલ છે. આમ, આ સાહેદ તેમના મૌખિક પુરાવામાં વિરોધાભાષી હકીકતો જણાવતા હોય, તેમનો મૌખિક પુરાવો સદર કામે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૫.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૨૨ મહેશભાઈ વીહાભાઈ ગઢવીનાઓને આંક-૮૬ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૨-૧૧-૧૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન સિનિયર પી.આઈ. તરીકે ફરજ પર હતા ત્યારે વટવા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. વટવા ફર્સ્ટ ગુના રજી. નં.૬૨૬/૧૩ પીનલ કોડની કલમ ૩૦૨, ૩૦૭ વિગેરે ગુના દાખલ કરી કાગળો સાથે આગળની તપાસ તેમની પાસે આવતા, આ ગુના કામે ફરીયાદી જુબેરખાનની ફરીયાદ લીધેલ. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ  તપાસ સંભાળ્યા બાદ મણિનગર ખાતે ન્યુ લાઈફ હોસ્પીટલમાં સલીમખાનનુ સારવાર દરમ્યાન મૃત્યુ થતા તેઓનુ ઈન્કવેસ્ટ પંચનામું ભરેલું  અને તે પંચનામાની કોપી પી.એસ.આઈ. શ્રી ડાભી સાહેબ નાઓએ તેઓને સુપ્રત કરેલી. ગુનાના કામે બનાવવાળી જગ્યા એ જઈ એફ.એસ.એલ ના અધિકારીને હાજર રહેવા યાદી પાઠવી એફ.એસ.એલના

અધિકારી અને બે પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને એફ.એસ.એલના અધિકારી શ્રી એ જણાવ્યા મુજબના નમુના બનાવવાળી જગ્યાએ કબ્જે લીધેલા. વધુમાં આ સાહેદે આંક–૫૮ વાળું પંચનામુ કરી કામમાં સામેલ રાખેલ તેમજ બનવાવાળી જગ્યાના આજુબાજુના સાહેદો તેમજ લાગતા વળગતા સાહેદના નિવેદન લીધેલા, મરણજનારના કપડા હે.કો રમેશભાઇનાઓએ સિવિલ હોસ્પીટલમાં લાશનુ પી.એમ. થયા બાદ ડોક્ટરશ્રી એ સોપેલ, તે કપ઼ડા તેમની સમક્ષ રજુ કરેલા તે કપડા તેઓએ બે પંચો ને સામેલ  રાખી પંચનામા વિગતે કબ્જે લીધેલા, જે અંગેનું આંક–૮૭ વાળું પચંનામું કરી કામમાં સામેલ રાખેલ, વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, મરણજનારની લાશ ઉપરથી સિવિલ હોસ્પીટલના ડો.શ્રીએ લીધેલા નમુના એલ.આર.ડી. ઇમરાનખાન નાઓને સુપ્રત કરતા તેઓએ તે નમુના સીલબંધ હાલતમાં પો.સ્ટે. લાવી રજુ કરતા આંક–૮૮ વાળું પંચનામું કરી તે ક્બેજ લીધેલ. વધુમાં આ સાહેદે આંક–૬૫ વાળું આરોપી ઇબ્રાહીમશાનાઓની શરીરસ્થિતિ અને બનાવ વખતે પહેરેલ કપડા કબ્જે લીધેલાનું પંચનામું કરી સદર કામે રજુ કરેલ, ત્યારબાદ આ ગુનાના કામે આંક–૧૧ વાળું લાકડાનો હાથો કબ્જે લીધા અંગેનું પંચનામું કરી કામમાં સામેલ રાખેલ. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ત્યારબાદ તપાસ કરતા આરોપી ઐયુબશાનાઓ મળી આવતા તેઓને ગુનાના કામે અટક કરેલા અને તેઓનુ શરિર સ્થિતિ તેમજ બનાવ વખતે પહેરેલ કપડા કબ્જે કરેલાનુ આંક–૭૭ વાળું પંચનામુ કરેલ અને કામમાં સામેલ રાખેલ, ત્યારબાદ આરોપીના લોહીના નમુના મેળવવાના હોય

તેઓને યાદી સાથે સિવિલ હો્સપીટલ ખાતે મોકલી આપેલ અને તેઓના લોહીના નમુના મેળવેલ. જે લોહીના નમુના પો.કો. રાજીવસિંહ મગનસિંહ નાઓ દ્બારા પો.સ્ટે. લાવી રજુ કરતા તપાસ ના કામે આંક-૮૯ વાળું પંચનામું કરી તપાસના કામે રજુ કરેલ, ત્યારબાદ ગુનાના કામે આરોપીઓ દ્બારા જે બાઇકનુ ઉપયોગ કરવામાં આવેલો તે બાઇક આંક-૮૧ વાળું પંચનામું કરી બાઇક કબ્જે કરેલ. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, આરોપી ઐયુબશાનાઓએ બનાવ વખતે જે હથિયાર નો ઉપયોગ કરેલ તે હથિયાર આંક-૬૧ વાળું પંચનામું કરી કબ્જે કરેલ, ત્યારબાદ આરોપી સિંકદરસાનાઓ મળી આવતા તેઓને ગુનાના કામે અટક કરેલા અને તેઓની શરીરસ્થિતિ અને બનાવ વખતે પહેરેલ કપડા આંક-૭૨ વાળું પંચનામું કરી કબ્જે કરેલ અને તપાસના કામે સામેલ રાખેલ તેમજ આરોપી સીકંદરશાનાઓએ બનાવ વખતે જે હથિયાર છરી નો ઉપયોગ કરેલ તે હથિયાર છરી આંક-૬૯ વાળું પંચનામું કરી કબ્જે કરેલ અને આરોપી સીકંદરશા તેમની કસ્ટડીમાં હોય અને તેઓના લોહીના નમુના મેળવવાના હોય તેઓને યાદી સાથે સિવિલ હોસપીટલ ખાતે મોકલી આપેલ અને તેઓના લોહીના નમુના મેળવેલ. જે લોહીના નમુના પો.કો. મહેશભાઇ પુજાભાઇ નાઓ દ્બારા પો.સ્ટે. લાવી રજુ કરતા આંક-૯૦ વાળું પંચનામું કરી સદર કામે સામેલ રાખેલ. વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગુનાના કામે મરણજનાર સલીમખાનની પી.એમ. નોટ તથા હશીનાબેન અને જમશેદભાઇ તેમજ જુબેરાબીબી નાઓનુ સારવાર સર્ટીફીકેટ આવી જતા કામમાં સામેલ રાખેલ, બનાવવાળી જગ્યા એફ.એસ.એલ અધિકારીને

હાજર રાખવા યાદી પાઠવેલ, જે યાદી તેમજ તેઓએ આપેલ પ્રાથમિક અભિપ્રાય સદર કામે આંક–૯૧ થી રજુ કરેલ. વધુમાં આ સાહેદે બનાવ વખતે અમલીકરણમાં હતુ તે હથિયાર બંધી નુ પો.કમિ.નું આંક–૯૨ વાળુ જાહેર નામુ કામમાં સામેલ રાખેલ તેમજ ઓપરેટર વટવા ગાડી–૨ ના પો.કો દ્બારા જે વર્ધી આપવામાં આવેલ તે આંક–૯૩ વાળી વર્ધી કામમાં સામેલ રાખેલ તેમજ આ કામે કબ્જે લીધેલ મુદ્ધામાલ એફ.એસ.એલ. માં મોકલી આપવા તજવીજ કરેલ અને આંક–૯૪ વાળી રવાનગી નોંધ તૈયાર કરેલ. વધુમાં આ સાહેદે એફ.એસ.એલે મુદ્ધમામાલ મળ્યા બાબતે જે પહોચ આપેલ તે આંક–૯૫ વાળી પહોચ કામ માં સામેલ રાખેલ, એફ.એસ.એલ તરફ થી પરીક્ષણ કર્યા બાદ મુદ્ધામાલ પરત મોકલેલ, જે પરત મોકલ્યા ની આંક–૯૬ વાળી પહોચ કામમાં સામેલ રાખેલ તેમજ એફ.એસ.એલ ના અધિકારી દ્બારા જે અભિપ્રાય આપવામાં આવેલો તે આંક–૯૭ વાળો અભિપ્રાય તેમજ સીરોલોજીકલ વિભાગનો અભિપ્રાય કામમાં સામેલ રાખેલ અને આરોપીઓ વિરૂઘ્ઘ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

**૨૫.૧.** આ સાહેદના પુરાવાને આરોપીઓ તરફે વિદ્બાન વકીલશ્રી દ્બાર પડકારવામાં આવેલ છે જેમાં આ સાહેદ એ હકીકતોનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓ અને ફરીયાદીઓ વચ્ચે ક્યારે પણ ટીવી બાબતે કોઇ બોલાચાલી તેમજ ગાળાગાળી કે મારા મારી થયેલ નથી, ફરીયાદી એ તેમને કોઈ ફરીયાદ આપેલ નથી અને તેમણે ખોટી ફરીયાદ લીધેલ છે અને ખોટા નિવેદન નોંધેલ છે તેમજ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, આરોપીઓ પાસેથી હથિયાર કબ્જે કરેલ નથી તેમજ આરોપીઓના કપડા તથા હથિયાર

પરથી બ્લડ મળી આવેલ નથી અને સાહેદો ના ફકત નામ સરનામા મેળવી તેમની જાતે નિવેદન નોધી લીધેલ છે. વધુમાં આ સાહેદે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, આ કામના ઈજા પામનારાઓને ડો.રૂબરુ હિસ્ટીમાં હાલના આરોપીના નામ લખાવેલ ન હોવા છતા તેઓએ તેમના નામ લખી લીધેલ છે, તેઓએ ખોટા પંચનામા ઉભા કરી હથિયાર તથા કપડા રીકવર કરેલ છે તેમજ આ કામના સાહેદોને એકસીડન્ટમાં ઈજા થયેલ હોય તેમ છતા હાલના બનાવ સાથે જોડી દીધેલ છે અને આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા ન હોવા છતા તેઓએ ખોટું ચાર્જશીટ કરેલ છે તેમજ ઈબ્રાહીમશાને જન્મ થી લકવો હોય તેમજ ચાલી શકતા ન હોય તેમજ સીકંદર જન્મથી એક આંખે અંધ હોય તેઓએ ખોટી રીતે તેમને તહોમતદાર તરીકે દર્શાવેલ છે તેમજ બનાવ સમયે આ કામના તહોમતદારો બનાવવાળા સ્થળે હાજર ન હોય તેમ છતા ખોટુ બનાવવાળુ જગ્યાનુ પંચનામુ ઉભુ કરી આરોપીઓની ખોટી હાજરી બતાવેલ છે.

**૨૫.૨.** આમ, આ સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓએ આ ગુનાના કામને તપાસ કરેલ છે અને તે તપાસના કામે તેમણે કરેલ કામગીરીને અનુરૂપ મૌખિક પુરાવો આપેલ છે.

**૨૬.** ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામના સાહેદ નં.૨૩ દલાજી થાવરાજી ડાભીનાઓને આંક-૯૮ થી સોગંદ ઉપર તપાસેલ છે, તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૨-૧૧-૧૩ ના અરસામાં તેઓ વટવા પોલીસ સ્ટેશન માં પી.એસ.આઇ. તરીકે ફરજ ઉપર

હાજર હતા તે દરમ્યાનમાં પી.એસ.ઓ.ને એક વર્દી મળેલ જે વર્દીમાં સાહિન પાર્ક ખાતે ઝગડો થયાની હકીકતો બાબત ની વર્ધી મળેલ હોઇ, જે વર્ધી મણિનગર જયહિંદ ચાર રસ્તા પાસે, ન્યુ લાઇફ હોસ્પીટલમાં મારામારીમાં ઈજા પામનાર જુબેરખાન સલીમખાન મુલતાની તથા તેના ભાઈ જાવેદ તથા તેનો નાનો ભાઈ જમશેદ તથા તેના મમ્મી હસીનાબેન અને તેના પિતા સલીમખાન નાઓને દાખલ કરેલ હોય, જેમાં સલીમખાન ૧૦.૨૫ વાગે મરણ ગયેલાનું લખેલ હોય તેઓ તાત્કાલીક ઉપરોકત હોસ્પીટલમાં જઇ મરણજનાર નું આંક-૧૪ વાળું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ, ત્યાર બાદ જુબેરખાન સલીમખાન મુલતાનીનાઓ ન્યુલાઇફ હોસ્પીટલમાં પોતાની ફરીયાદ હકીકત જાહેર કરતા હોય તેઓના લખાવ્યા મુજબ આંક-૨૧ વાળી ફરીયાદ લીધેલ. વધુમાં તેઓએ સી.આર.પી.સી. કલમ-૧૫૭ નો આંક-૯૯ વાળો રીપોર્ટ કરી કામમાં સામેલ રાખેલ તેમજ આ ગુના ના કામે ક્રોસ ફરીયાદ હોય જે તપાસ તેઓને સુપ્રત કરતા સદર તપાસ ના કાગળો તેઓએ પો.સ્ટે. ઈન્ચાર્જ ને સુપ્રત કરેલા.

**૨૬.૧.** આ સાહેદના પુરાવાને આરોપીઓ તરફે વિદ્ધાન વકીલશ્રી દ્ધાર પડકારવામાં આવેલ છે જેમાં આ સાહેદ એ હકીકતોનો ઈન્કાર કરેલ છે કે, ફરીયાદી તથા ઈજાપામનારને એકસીડન્ટના કારણે ઈજા થઇ હોય ખોટી ફરીયાદ લીધેલ છે તેમજ ફરીયાદી તથા ઈજા પામનાર હોસ્પીટલ માં બેભાન હોઈ તેમના સગા વ્હાલાએ આપેલ ફરીયાદ મુજબ ફરીયાદ લીધેલ તેમજ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓ બનાવ વિશે કંઇ જાણતા નથી અને બનાવ સ્થળની રુબરુ મુલાકત લીધેલ નથી તેમજ ફરીયાદી

જુબેરખાનને લખતા વાચતા આવડતુ ન હોવા છતા તેઓએ જાતે ફરીયાદ લખી લીધેલ છે.

**૨૬.૨.** આમ, આ સાહેદનો મૌખિક પુરાવો જોતા તેઓએ આ ગુનાના કામને તપાસ કરેલ છે અને તે તપાસના કામે તેમણે કરેલ કામગીરીને અનુરૂપ મૌખિક પુરાવો આપેલ છે.

**૨૭.** ઉપરોક્ત તમામ સાહેદોની જુબાનીને આરોપીઓ સામેના આક્ષેપિત ગુનાના સંદર્ભમાં ધ્યાને લઇએ તો આ કામના ફરીયાદી જુબેરખાન આંક–૧૯, આ કામના સાહેદ જમશેદભાઇ સલીમભાઇ આંક–૩૪, સાહેદ હાસિયાબાનું પીરખાન આંક–૪૦ નાઓ આ કામે ખુબ જ અગત્યના સાહેદો છે કારણ કે તેઓને બનાવમાં આરોપીઓ દ્ધારા ઈજાઓ કરેલ છે. આ કામે ફરીયાદી અને તેમના ભાઇ જમશેદભાઇ તથા તેમના પિતા સલીમખાનને બનાવમાં આરોપીઓએ છરી તેમજ ડંડા વડે માર મારેલા અને તેઓને બનાવમાં ઈજા થયેલ અને આ ઈજા દરમ્યાન ફરીયાદીના પિતા અવસાન પામેલ છે જેથી ફરીયાદીએ આ કામની ફરીયાદ આપેલ છે. ફરીયાદીના પિતા સલીમખાનનાઓ અવસાન પામતા ડોક્ટર દ્ધારા તેમનું પી.એમ. કરી પી.એમ.નોટ આ કામે આંક–૪૫ થી રજુ કરવામાં આવેલ છે, લાશ પરના કપડા કબજે કર્યાનું પંચનામું તેમજ મરણજનારનું બ્લડ સેમ્પલ અને આરોપીઓના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદોને સોગંદ પર તપાસેલ છે પંરતું તેઓના મૌખિક પુરાવાથી એ હકીકત પુરવાર થતી નથી કે મરણજનારનું બ્લડ આરોપીઓના કપડા પર લાગેલ હોય જેથી બનાવ

સમયે આરોપીઓની હાજરી બનાવવાળી જગ્યાએ હોય તેવો કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ નથી. આ કામે ફરીયાદી જુબેરખાન, સાહેદ જમશેદભાઇ સલીમભાઇ અને સાહેદ હાસિયાબાનું પીરખાન આ ત્રણે સાહેદો કે જેઓ ખુબ જ અગત્યના સાહેદો છે તેઓ બનાવ સ્થળે હાજર હતા અને તેઓને પણ આરોપીઓએ ઇજા કરેલ હોવાનું ફરીયાદમાં જણાવેલ છે પરંતું તેઓ તેમના મૌખિક પુરાવા દરમ્યાન સરતપાસમાં સમર્થન આપે છે પરંતું તેમની ઉલટ તપાસ દરમ્યાન વિરોધાભાષી હકીકતો જણાવે છે. આમ, ખુદ ફરીયાદી જ તેમની ફરીયાદ હકીકતને સમર્થન આપતા નથી જેથી તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલ છે તેમજ આ કામે બનાવવાળી જગ્યાનું પંચનામું આંક-૫૮ થી રજુ કરવામાં આવેલ છે તે પંચનામું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે પંચ સાહેદ રફીકખાન કાદરીનાઓને આંક-૫૭ થી સોગંદ ઉપર તપાસેલ છે પંરતું આ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે તેમજ આ બનાવના સ્થળે હાજર સાહેદોને પણ ફરી ગયેલા જાહેર કરેલા છે. જેથી બનાવ બનેલ હોવાની હીકકતને સમર્થન મળતું નથી તેમજ આ કામના ડોક્ટર સાહેદો અને તપાસ કરનાર અમલદાર સિવાયના તમામ સાહેદો, પંચ સાહેદોને હોસ્ટાઇલ જાહેર કરેલા છે. આમ, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોના મૌખિક પુરાવાથી એવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી કે, આરોપીઓએ ફરીયાદીને તથા તેમના ભાઇને અને પિતાને ગાળો બોલેલ હોય કે તેમને છરી તેમજ ડંડા વડે માર મારેલ હોય અને આ બનાવમાં ફરીયાદીને તથા તેમના ભાઇને અને તેમના પિતા સલીમખાનનાઓને ઇજા થયેલ અને તે ઇજાના કારણે ફરીયાદીના

પિતા અવસાન પામેલ હોય, તે સંજોગો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેના ગુનાહીત આક્ષેપો સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**૨૮.** આ કામે તપાસ કરનાર અમલદાર દ્વાર અમદાવાદ પોલીસ કમિશ્નરનું આંક-૯૨ વાળુ જાહેરનામુ સદર કામમાં રજુ કરવામાં આવેલ છે પરંતું આ કામે આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ હથિયાર કબ્જે કર્યાના પંચનામા આંક-૧૧, આંક-૬૧ અને આંક-૬૯ થી રજુ કરેલ છે, ઉપરોક્ત ત્રણે પંચનામા પુરવાર કરવા માટે આ કામે ઉપરોક્ત પંચનામાના પંચ સાહેદોને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા છે પરંતું તે તમામ પંચ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે જેથી આ કામના આરોપીઓએ બનાવમાં છરી તથા દંડા જેવા હથીયાર ધારણ કરેલાની હકીકત પુરવાર થતી ન હોય મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપુ છું અને આ કામે મુદ્દા નં.૪ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

૧. આ કામના આરોપીઓ **નં.૧. ઈબ્રાહીમશા મહંમદશા શેખ,** રહે.એ/૭૮, સાઈનપાર્ક, નુરનગરની બાજુમાં, ગોલ્ડન સિનેમાની પાછળ, વટવા, અમદાવાદ તથા આરોપી **નં.૨. ઐયુબશા**

**ઈબ્રાહીમશા દિવાન,** રહે.૫૯/૧૮૬૧, ગરીબ આવાસ યોજનાના મકાનમાં, રેલ્વે ક્રોસીંગ પાસે, વટવા, અમદાવાદ અને આરોપી નં. **૩. સિકંદરશા મોહંમદશા દિવાન,** રહે. એ/૭૮, સાઈનપાર્ક, નુરનગરની બાજુમાં, ગોલ્ડન સિનેમાની પાછળ, વટવા, અમદાવાદનાઓને વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નં.૬૨૨/૨૦૧૩ અન્વયે પીનલ કોડની કલમ-૩૦૨, ૩૦૭, ૨૯૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી સંહિતાની કલમ-૨૩૫(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. હાલના હુકમ સામે અપીલ કે રીવીઝન દાખલ થયે એપેલન્ટ કોર્ટમાં હાજર રહેવા અંગે તમામ આરોપીઓએ સંહિતાની કલમ-૪૩૭(એ) અન્વયે ૬ (છ) માસની મુદત સુધી અમલમાં રહે તે અનુસારના રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) ની રકમના સધ્ધર જામીનદારની જામીનગીર તથા એટલી જ રકમના જાત મુચરકા આપવા.

૩. આ કામે કબ્જે કરવામાં આવેલ બિન કિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૪. મુદ્દામાલ મોટર સાયકલ બાબતે સીનિયર પી.આઈ. અમદાવાદ નાઓએ જાવક નં.૭૭૧૨/૨૦૧૫, તા.૩૧/૦૮/૨૦૧૫ ના પત્રથી મુદ્દામાલ મોટર સાયકલ હરાજીથી વેચાણ થઇ ગયેલાનું

જણાવેલ હોય સદર મુદ્દામાલ મોટર સાયકલ બાબતે કોઈ હુકમ ફરમાવવામાં આવતો નથી.

આ હુકમ આજ તારીખ **૧૫**, માહે–**એપ્રિલ**, સને – **૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મારી રૂબરૂ

(પી.જે.તમાકુવાળા)
અધિક સત્ર ન્યાયાધિશ, કોર્ટ નં.૨૨,
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અમદાવાદ શહેર.
(યુનિક કોડ નં.GJ00581)

તા.૧૫/૦૪/૨૦૧૯
અમદાવાદ.

**MORI**